અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૮ જાન્યુઆરી ૨૦૨૫, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ વદ ૫
વર્ષ : ૧૬
અંક : ૧૯૭
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**૩૪ ખેલાડીઓ અર્જુન પુરસ્કારથી સન્માનિત**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં પરંપરાગત સમારોહમાં રાષ્ટ્રીય ખેલ પુરસ્કાર અનાયત કર્યા ત્યારે સૌથી વધુ તાળીઓ પેરા એથ્લેટ્સે મેળવી

## મનુ ભાકર-ડી ગુકેશ સહિત ચાર ખેલાડીઓને મળ્યો ખેલ રત્ન એવોર્ડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

બે ઓલિમ્પિક મેડલ વિજેતા શૂટર મનુ ભાકર અને ચેસ વર્લ્ડ ચેમ્પિયન ડી ગુકેશ ચમક્યા હતા પરંતુ શુક્રવારે જ્યારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં એક પરંપરાગત સમારોહમાં રાષ્ટ્રીય ખેલ પુરસ્કાર એનાયત કર્યા ત્યારે પેરા એથ્લેટ્સે સૌથી વધુ તાળીઓ મેળવી હતી. મનુ અને ગુકેશની સાથે ભારતીય પુરૂષ હોકી ટીમના કેપ્ટન હરમનપ્રીત સિંહ અને પેરાલિમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા હાઈ જમ્પર પ્રવીણ કુમારને પણ દેશના સર્વોચ્ચ ખેલ સન્માનથી નવાજવામાં આવ્યા હતા.





૨૨ વર્ષીય ભાકર એ જ ઓલિમ્પિકમાં બે મેડલ જીતનારી સ્વતંત્ર ભારતની પ્રથમ ખેલાડી બની હતી જ્યારે તેણીએ પેરિસ ઓલિમ્પિકમાં ૧૦ મીટર એર પિસ્તોલ વ્યક્તિગત અને મિશ્ર ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. હરમનપ્રીત ટોક્યો અને પેરિસ ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતનારી હોકી ટીમનો સભ્ય હતો. હરમનપ્રીત સિંહ પેરિસ ઓલિમ્પિકમાં ટીમનો કેપ્ટન પણ હતો. બીજી તરફ દિવ્યાંગ પ્રવીણે ટોક્યો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો હતો અને પેરિસમાં તેને ગોલ્ડમાં પરિવર્તિત કર્યો હતો. ૧૮ વર્ષીય ગુકેશ સૌથી યુવા વિશ્વ ચેમ્પિયન બન્યો છે. જેમણે ગયા મહિને ચીનના ડિંગ લિરેનને હરાવ્યો હતો. તે વિશ્વનાથન આનંદ પછી વિશ્વ ચેમ્પિયનશિપ જીતનાર બીજો ભારતીય છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ચેસ ઓલિમ્પિયાડમાં ભારતની ખિતાબ જીતમાં પણ તેણે મહત્વની ભૂમિકા ભજવી હતી. આ વખતે ૩૨ ખેલાડીઓને અર્જુન એવોર્ડ આપવામાં આવ્યા હતા, જેમાંથી ૧૭ પેરા એથ્લેટ છે.

અર્જુન એવોર્ડ મેળવનાર ખેલાડીઓમાં પેરિસ ઓલિમ્પિકના બ્રોન્ઝ મેડલ વિજેતા કુસ્તીબાજ અમન સેહરાવત, શૂટર્સ સ્વપ્રિલ કુસાલે, સરબજોત સિંહ અને પુરુષ હોકી ટીમના સભ્યો જરમનપ્રીત સિંહ, સુખજીત સિંહ, સંજય અને અભિષેકનો સમાવેશ થાય છે. આ વખતે પેરા એથ્લેટ્સની સંખ્યા એવોર્ડ મેળવનારમાં સૌથી વધુ હતી. જેમાં પેરિસ પેરાલિમ્પિક્સમાં સાત ગોલ્ડ અને નવ સિલ્વર સહિત ૨૯ મેડલ જીત્યા છે. રાષ્ટ્રપતિ મુર્મૂ પરંપરાથી ફેરફાર કરીને વ્હીલચેર પર નિર્ભર કેટલાક ખેલાડીયો જેવા કે પ્રણવ સુરમા માટે પોતે આગળ ચાલીને આવી હતી.

આ સમારોહની સૌથી લાગણીશીલ ક્ષણ એ હતી જ્યારે ભારતના પ્રથમ પેરાલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા મુરલીકાંત પેટકર વ્હીલર ચેર સાથે અર્જુન એવોર્ડ (લાઈફટાઈમ) લેવા માટે રાષ્ટ્રપતિ સુધી પહોંચ્યા હતા. ૮૦ વર્ષીય યુદ્ધ નાયક પેટકરને ૧૯૬૫ના પાકિસ્તાન સામેના યુદ્ધમાં કમરથી નીચે ગોળી વાગી હતી. તેઓ મૂળ બોક્સર હતો પરંતુ બાદમાં પેરા સ્વિમર બન્યો. તેમણે ૧૯૭૨ની પેરાલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે તેઓ એવોર્ડ લેવા આવ્યા ત્યારે તેઓ પોતાની સીટ પર પાછા ન ગયા ત્યાં સુધી તાળીઓનો ગડગડાટ ચાલુ રહ્યો હતો. તેના માટે તાળીઓ પાડનારાઓમાં અભિનેતા કાર્તિક આર્યન પણ હતો જેણે તેના પર બનેલી ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન'માં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

આ પ્રસંગે ખેલ મંત્રી મનસુખ માંડવિયા, સંસદીય અને લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુ, રમત ગમત સચિવ સુજાતા ચતુર્વેદી પણ હાજર હતા. ખેલ રત્ન પુરસ્કારની સાથે ૨૫ લાખ રૂપિયાનું રોકડ પુરસ્કાર, જ્યારે અર્જુન અને દ્રોણાચાર્ય પુરસ્કારોમાં ૧૫ લાખ રૂપિયાનું રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.

### સૈફ અલી ખાન ઉપર હુમલા મામલે એક શંકાસ્પદ પકડાયો



। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।


સૈફ અલી ખાન પર ૧૬ જાન્યુઆરીની રાત્રે હુમલો થયો હતો. સૈફ-કરીનાના ઘરમાં એક અજાણ્યો વ્યક્તિ ચોરીના ઈરાદે ઘૂસ્યો હતો. સૈફ અલી ખાન પર હુમલા મામલે એક શંકાસ્પદ પકડાયો, જેને મુંબઈ પોલીસ પૂછપરછ માટે લઈ ગઈ છે. મુંબઈ ડીસીપીનું કહેવું છે કે વ્યક્તિને હમણાં જ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો છે. તેના પર ઘરફોડ ચોરીનો આરોપ છે. તેની સામે હાઉસ બ્રેકીંગના કેસ નોંધાયેલા છે અને પોલીસ તેની પૂછપરછ કરી રહી છે. અભિનેતાને હુમલાખોરે છરી વડે અભિનેતા પર છ વાર કર્યા હતા. તેને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જ્યાં અભિનેતાની સર્જરી કરવામાં આવી હતી. હવે તે ખતરાની બહાર છે. આરોપીઓને પકડવા માટે પોલીસની ૨૦ ટીમો બનાવવામાં આવી હતી. દરેક ટીમને અલગ-અલગ કાર્ય સોંપવામાં આવ્યું હતું. સૈફ અલી ખાન તે બિલ્ડિંગના ૧૨મા માળે રહે છે. સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાના આધારે પોલીસે હુમલાખોરની શોધ શરૂ કરી હતી.

**પંજાબની મુલાકાત વખતની ઘટના । ત્રણ સભ્યોની SITની રચના કરવામાં આવી હતી**

## મોદીની સુરક્ષામાં ચૂક મામલે ૨૫ ખેડૂતો વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૭ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૫ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ પંજાબની મુલાકાત દરમિયાન સુરક્ષામાં ગેરરીતિના સંબંધમાં ૨૫ ખેડૂતો સામે ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું છે. ૫ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ, પંજાબના ફિરોઝપુરમાં ખેડૂતોના વિરોધ દ્વારા વડાપ્રધાન મોદીના કાફલાને રસ્તા વચ્ચે અટકાવવામાં આવ્યો હતો. પંજાબ પોલીસે આ કેસમાં ભારતીય દંડ સંહિતા (આઈપીસી)ની કલમ ૩૦૭ પણ ઉમેરી છે, જે હત્યાના પ્રયાસ માટે લાગુ કરવામાં આવે છે. વડાપ્રધાન મોદી ફિરોઝપુરમાં રેલીને સંબોધવાના હતા. પરંતુ ખેડૂત સંગઠનોના સભ્યોએ પિયારાના



ફ્લાયઓવર પર વિરોધ કર્યા બાદ તેમને પરત ફરવું પડ્યું હતું.


મીડિયા રિપોર્ટ્સ અનુસાર ૫ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ પીએમ મોદીની મુલાકાત દરમિયાન સુરક્ષાના ભંગના ત્રણ વર્ષ જૂના કેસમાં ફિરોઝપુર જિલ્લામાંથી ભારતી કિસાન યુનિયન (ક્રાંતિકારી) અને ક્રાંતિકારી પેન્ડુ મઝદૂર યુનિયનના ૨૫ સભ્યોની ધરપકડ કરવા વોરંટ જારી કરવામાં આવ્યું છે. ૬ જાન્યુઆરી, ૨૦૨૨ ના રોજ, IPC કલમ ૨૮૩ (જાહેર માર્ગમાં અવરોધ) હેઠળ અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ FIR નોંધવામાં આવી હતી, જે જામીન પાત્ર ગુનો છે. જો કે, નબળા FIR પર ભારતીય જનતા પાર્ટીના નેતાઓ દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાઓ બાદ ત્રણ સભ્યોની SITની રચના કરવામાં આવી હતી. આ તપાસના આધારે, IPC કલમ ૩૦૭ (હત્યાનો પ્રયાસ), ૩૫૩ (લોક સેવક પર હુમલો), ૩૪૧ (ખોટી રીતે સંયમ), ૧૮૬ (ફરજમાં અવરોધ), ૧૪૯ (ગેરકાયદેસર એકઠા થવું) અને નેશનલ હાઈવે સહિત અન્ય આરોપો કલમ ૮- અધિનિયમના B ઉમેરવામાં આવ્યા હતા.

**નિફ્ટી ૨૩૨૦૩ પર બંધ**

## સતત ત્રણ દિવસની તેજી પર બ્રેક, સેન્સેક્સ ૪૨૩ પોઈન્ટ તૂટ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

BSE પર સેન્સેક્સ ૪૨૩ પોઈન્ટના ઘટાડા સાથે ૭૬,૬૧૯.૩૩ પર બંધ રહ્યો હતો. તે જ સમયે, NSE પર નિફ્ટી ૦.૪૭ ટકાના ઘટાડા સાથે ૨૩,૨૦૩.૨૦ પર બંધ થયો. કારોબારી સપ્તાહના અંતિમ દિવસે શેરબજાર ઘટાડા સાથે રેડ ઝોનમાં બંધ થયું છે. BSE પર સેન્સેક્સ ૪૨૩ પોઈન્ટના ઘટાડા સાથે ૭૬,૬૧૯.૩૩ પર બંધ રહ્યો હતો. તે જ સમયે, NSE પર નિફ્ટી ૦.૪૭ ટકાના ઘટાડા સાથે ૨૩,૨૦૩.૨૦ પર બંધ થયો. ટ્રેડિંગ સપ્તાહના અંતિમ દિવસે શેરબજાર રેડ ઝોનમાં ખુલ્યું હતું. BSE પર સેન્સેક્સ ૪૦૦ પોઈન્ટના ઘટાડા સાથે ૭૬,૬૬૩.૪૦ પર ખુલ્યો હતો. તે જ સમયે, NSE પર નિફ્ટી ૦.૫૧ ટકાના



ઘટાડા સાથે ૨૩,૧૯૧.૭૫ પર ખુલ્યો હતો. આજના ટ્રેડિંગ દરમિયાન, BPCL, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ભારત ઈલેક્ટ્રોનિક્સ, કોલ ઈન્ડિયા અને હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝના શેર નિફ્ટી પર ટોપ ગેનર્સની યાદીમાં સામેલ હતા. જ્યારે ઈન્ફોસિસ, એક્સિસ બેંક, શ્રીરામ ફાઈનાન્સ, કોટક મહિન્દ્રા બેંક, સ્બ્સના શેર ટોપ લૂઝરની યાદીમાં સામેલ હતા.

**૧૦૦ વર્ષમાં તમામ કુંભમાં ભાગ લઈ ચૂક્યા**

## મહાકુંભમાં ૧૨૮ વર્ષના સ્વામી શિવાનંદ આકર્ષણનું કેન્દ્ર બન્યા

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૭ ।

પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત યોગ સાધક સ્વામી શિવાનંદ બાબાએ છેલ્લા ૧૦૦ વર્ષમાં યોજાયેલા બધા જ કુંભમાં ભાગ લીધો છે. આ બાબતની જાણકારી તેમના શિષ્ય સંજય સર્વજનાએ આપી હતી. પ્રયાગરાજમાં સોમવારથી શરૂ થયેલા મહાકુંભ મેળામાં નાગા સાધુઓ અને અન્ય સંન્યાસીઓની જેમ ૧૨૮ વર્ષના સ્વામી શિવાનંદ બાબા પણ લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે. મહાકુંભનગરના સેક્ટર ૧૬માં સંગમ લોઅર માર્ગ પર સ્થિત બાબાના શિબિર બહાર લાગેલા બેનરમાં પ્રકાશિત તેમના આધાર કાર્ડમાં તેમની જન્મ તારીખ ૮ ઑગસ્ટ, ૧૮૯૬ નોંધાયેલી છે. જોકે, બાબાશિવાનંદની જન્મ તારીખ અંગે કોઈ સત્તાવાર પુરાવો ઉપલબ્ધ નથી. સ્વામી શિવાનંદે છેલ્લી એક સદીમાં બધા જ કુંભમાં પવિત્ર ડુબકી લગાવી છે. શિવાનંદ બાબાને ૧૨૫ વર્ષની વયે વર્ષ ૨૦૨૨માં મોદી સરકારે પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કર્યા હતા. શિવાનંદ બાબાના પ્રારંભિક જીવન અંગે બેંગ્લુરુના તેમના શિષ્ય ફાલ્ગુન ભટ્ટાચાર્યએ કહ્યું કે, બાબા શિવાનંદનો જન્મ એક ભીખારી પરિવારમાં થયો હતો. ચાર વર્ષની વયે તેમના માતા-પિતાએ તેમને ગામમાં આવેલા સંત ઓમકારાનંદ ગોસ્વામીને સોંપી દીધા હતા.

**પૂણે-નાસિક હાઈ વે પર ભીષણ અકસ્માત**

## રસ્તામાં ઊભેલી કારને ટેમ્પોએ ટક્કર મારતાં નવ લોકોના મોત

। (એજન્સી) પૂણે, તા.૧૭ ।

મહારાષ્ટ્રના પૂણેના નારાયણગાંવ વિસ્તારમાં શુક્રવારે (૧૭ જાન્યુઆરી, ૨૦૨૫) લગભગ સવારે ૧૦ વાગ્યે પુણે-નાસિક હાઈવે પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં ૯ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. મળતી માહિતી અનુસાર, અહીં એક પૂરપાટ ઝડપે આવી રહેલા ટેમ્પોએ મિની વાન(કાર)ને પાછળથી ટક્કર મારી હતી. ત્યારબાદ મિની વાન ત્યાં ઊભેલી એક બસ સાથે અથડાઈ ગઈ. ઘટના બાદ ટેમ્પો ચાલક ફરાર થઈ ગયો હતો. જણાવી દઈએ કે, દુર્ઘટના ત્યારે બની જ્યારે આ લોકો નાસિકથી પુણે જઈ રહ્યા હતા. મૃતકોમાં ચાર મહિલાઓ, ચાર પુરુષ અને એક બાળક સામેલ છે. જ્યારે અન્ય ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ મોકલાયા છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ દુર્ઘટનાને લઈને દુઃખ વ્યક્ત કર્યું છે.

**ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાએ કહ્યું**

## પેપર લીક કરવું પણ ભ્રષ્ટાચાર સમાન છે, વિદ્યાર્થીઓના સપનાં ચકનાચૂર થઇ જાય છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (CJI) સંજીવ ખન્નાએ ભ્રષ્ટાચારને ત્રણ માથાવાળો રાક્ષસ ગણાવતા આ સામાજિક બદી પર આકરા પ્રહાર કર્યા હતા. લોકપાલ દિવસે નવી દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું કે, 'ભ્રષ્ટાચાર લોકોના વિશ્વાસ અને લોકશાહીની વિચારધારાને નષ્ટ કરે છે. ભ્રષ્ટાચાર વિરોધી લોકપાલની સફળતા નાગરિકોના વિશ્વાસ અને જોડાણ પર આધારિત છે. પેપર લીક પણ ભ્રષ્ટાચારનો જ હિસ્સો છે કારણ કે, તે વિદ્યાર્થીઓની મહત્ત્વાકાંક્ષા અને સપના ચકનાચૂર કરી નાખે છે. આ પ્રકારનો ભ્રષ્ટાચાર જાહેર શિક્ષણ અને નોકરી મેળવવાની ક્ષમતાના અધિકારો પર ગંભીરરૂપે અસર કરે છે.' આ વિશે વધુ વાત કરતા ચીફ જસ્ટિસે કહ્યું કે, બંધારણીય યોજનાઓ માટે લોકપાલ અત્યંત મહત્ત્વનો હોદ્દો છે, જે દેશને ભ્રષ્ટાચાર મુક્ત કરવામાં મદદરૂપ બને છે. જો કે, એકમાત્ર લોકપાલની સ્થાપનાથી ભ્રષ્ટાચારની સમસ્યાઓ દૂર ના થઈ શકે. લોકપાલે સેન્ટ્રલ વિજિલન્સ કમિશન અને અન્ય એજન્સીઓ સાથે જોડાણ કરી સંપૂર્ણ ક્ષમતા સાથે કામ કરવું પડશે. આ સંયુક્ત જોડાણ જ ભ્રષ્ટાચારને જડમૂળમાંથી કાઢી નાખવામાં મદદરૂપ થશે.'

**મહિલા મતદારોને ખુશ કરવા વચનોની લહાણી કરી**

## દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ભાજપનું સંકલ્પ પત્ર જારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે પોતાના ચૂંટણી ઢંઢેરાના પ્રથમ તબક્કાની જાહેરાત કરી છે. પાર્ટીએ દિલ્હીના લોકોને ઘણા મોટા વચનો આપ્યા છે અને કહ્યું છે કે હજુ વધુ જાહેરાતો કરવાની બાકી છે. ભાજપે કહ્યું છે કે જો દિલ્હીમાં તેમની સરકાર બનશે તો મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયા આપવામાં આવશે. સંકલ્પ પત્ર બહાર પાડતી વખતે, ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે મહિલા સમૃદ્ધિ યોજના પહેલી કેબિનેટ બેઠકમાં જ પસાર કરવામાં આવશે. આ ઉપરાંત, સસ્તા સિલિન્ડરનું વચન આપવામાં આવ્યું છે. ભાજપે એ પણ સ્પષ્ટ કર્યું છે કે અરવિંદ કેજરીવાલ સરકારની હાલની યોજનાઓ પણ બંધ કરવામાં આવશે નહીં. ભાજપ અધ્યક્ષે કહ્યું કે, તમામ ઝૂંપડપટ્ટીઓમાં ૫ રૂપિયામાં સંપૂર્ણ ભોજન પૂરું પાડવા માટે અટલ કેન્ટીન યોજના શરૂ કરવામાં આવશે. ભાજપ અધ્યક્ષે કહ્યું કે માતૃત્વ સુરક્ષા યોજનાને વધુ મજબૂત બનાવવા માટે છ પૌષ્ટિક કીટ આપવામાં આવશે. દરેક ગર્ભવતી મહિલાને ૨૧ હજાર રૂપિયા આપવામાં આવશે. ભાજપે કહ્યું છે કે મોહલ્લા ક્લિનિકમાં લગભગ ૩૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે. ભાજપ સરકાર બન્યા પછી આની તપાસ કરવામાં આવશે. દવાના કરારોની પણ તપાસ કરવામાં આવશે.

**મોડી રાતે રાહુલ ગાંધી AIIMS પહોંચ્યા**

## રાહુલ કડકડતી ઠંડી વચ્ચે ફૂટપાથ પર સૂતા દર્દીના પરિજનોને મળ્યાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ગુરુવારે મોડી રાત્રે દિલ્હી એઈમ્સની મુલાકાત લીધી હતી. કોંગ્રેસ નેતા સારવાર માટે આવેલા દર્દીઓ અને તેમના પરિવારોને મળ્યા અને તેમની સમસ્યાઓ સાંભળી. આ મુલાકાત પછી, કોંગ્રેસના નેતાએ કેન્દ્ર અને દિલ્હી સરકાર પર દર્દીઓ પ્રત્યે અસંવેદનશીલતા દાખવવાનો પણ આરોપ લગાવ્યો. રાહુલ ગાંધીની આ મુલાકાતના ફોટા કોંગ્રેસના ટ્વિટર હેન્ડલ પરથી શેર કરવામાં આવ્યા છે. ફોટા સાથે લખ્યું હતું કે, દૂર દૂરથી સારવાર માટે આવેલા લોકો અહીં રસ્તાઓ, ફૂટપાથ અને સબવે પર સૂવા માટે મજબૂર છે. મોદી સરકાર અને દિલ્હી સરકારે તેમને પોતાના હાલ પર છોડી દીધા છે. તેમણે પોતાની જવાબદારીથી મોઢું ફેરવી લીધું છે. કોંગ્રેસે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર આગળ લખ્યું, સારવાર માટે મહિનાઓ રાહ જોવી, સરકારની અસુવિધા અને અસંવેદનશીલતા - આ આજે દિલ્હી એઈમ્સની વાસ્તવિકતા છે. પરિસ્થિતિ એવી છે કે જે લોકો દૂર દૂરથી પોતાના પ્રિયજનોની બીમારીનો બોજ લઈને આવ્યા છે, તેઓ આ કડકડતી ઠંડીમાં ફૂટપાથ અને સબવે પર સૂવા માટે મજબૂર છે. રાહુલે ઈન્સ્ટાગ્રામ પર હિન્દીમાં પોસ્ટ કરી કે, રોગનો ભાર, કડકડતી ઠંડી અને સરકારની અસંવેદનશીલતા - આજે હું એઈમ્સની બહાર એવા દર્દીઓ અને તેમના પરિવારોને મળ્યો જે દૂર દૂરથી સારવારની શોધમાં આવ્યા છે.

**ક્રૂડ તેલનો વાયદો રૂ.૩૪ લપસ્યો**

## સોનાના વાયદામાં રૂપિયા ૩૨૪ અને ચાંદીના વાયદામાં રૂ.૬૨૪નો ઉછાળો

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૫૧૫૮૩.૨૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૭૬૬.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં, જ્યારે કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૩૮૮૧૪.૬૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૯૨૭૫ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૮૯૪.૨ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૭૫૭૩.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૮૭૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૭૯૦૬૪ અને નીચામાં રૂ.૭૮૭૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૭૮૭૧૦ના આગલા બંધ સામે રૂ.૩૨૪ વધી રૂ.૭૯૦૩૪ના સ્તરે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૫૫ વધી રૂ.૬૩૬૬૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જ્યારે ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૭ વધી રૂ.૭૮૪૯ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૭ વધી રૂ.૭૮૯૭૫ના ભાવે બોલાયો હતો.

## ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ માટે નવી પોલિસી લાગૂ કરી

### ઘરેલૂ ક્રિકેટમાં રમવું અનિવાર્ય, પ્રવાસ પર પરિવાર અને ખાનગી સ્ટાફની હાજરી પર પ્રતિબંધ મુકવામાં આવ્યો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ માટે નવી પોલિસી લાગૂ કરી દીધી છે. આ પોલિસીમાં ઘમા કડક નિયમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. નિયમોનું ઉલ્લંઘન કરનાર ટીમ ઈન્ડિયાના ખેલાડીઓને સજા પણ મળશે. તેમાં IPL રમવા પર પ્રતિબંધ પણ મુકાઈ શકે છે. BCCI એ કડક નિયમોમાં ઘરેલૂ ક્રિકેટમાં રમવું અનિવાર્ય, પ્રવાસ પર પરિવાર અને ખાનગી સ્ટાફની હાજરી પર પ્રતિબંધ અને સીરિઝ દરમિયાન વ્યક્તિગત જાહેરાત પર પ્રતિબંધ જેવા ઘણા નિયમો ઉમેરવામાં આવ્યા છે. આ નીતિનું પાલન ન કરનાર ખેલાડીઓને દંડ કરવામાં આવશે, જેમાં સેન્ટ્રલ કરારમાંથી તેમની રિટેનર ફી કપાત કરવી અને IPLમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂકવામાં આવશે. ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં ટીમના ખરાબ પ્રદર્શન બાદ આ નિયમો જાહેર કરવામાં આવ્યા છે, આ પહેલા ન્યૂઝીલેન્ડ સામેની હોમ સિરીઝમાં વ્હાઈટવોશનો સામનો કરવો પડ્યો હતો. બીસીસીઆઈએ પર્સનલ સ્ટાફ અને કોમર્શિયલ ફોટો શૂટ પર પ્રતિબંધો લાદવા ઉપરાંત વિદેશ પ્રવાસ દરમિયાન ખેલાડીઓ સાથે રહેવા માટે પરિવાર માટે માત્ર બે અઠવાડિયાના સમયગાળાને મંજૂરી આપી છે. બોર્ડની નવી નીતિમાં કહેવામાં આવ્યું છે કે જો તેનું પાલન કરવામાં નહીં આવે તો BCCI દ્વારા અનુશાસનાત્મક પગલાં લેવામાં આવી શકે છે. વધુમાં, BCCI કોઈપણ ખેલાડી સામે શિસ્તબદ્ધ પગલાં લેવાનો અધિકાર અનામત રાખે છે, જેમાં ખેલાડીને BCCI દ્વારા આયોજિત તમામ ટૂર્નામેન્ટમાં ભાગ લેવાથી રોકવાનો સમાવેશ થાય છે, જેમાં IPLનો સમાવેશ થાય છે, અને BCCIના ખેલાડીના કરારમાંથી રિટેનરના પૈસા અથવા મેચ ફી કાપવામાં આવે છે. તેમણે એમ પણ કહ્યું કે હવેથી ખેલાડીઓને પ્રવાસ દરમિયાન અલગથી મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

# ચીનના હેકરોએ અમેરિકાના નાણા મંત્રીનું કોમ્પ્યુટર હેક કર્યું

### અહેવાલ મુજબ ડિસેમ્બરમાં ચીનના હેકર્સે ટ્રેઝરી વિભાગના ડેપ્યુટી સેક્રેટરી વાલે એડેયેમો અને કાર્યકારી અંડર સેક્રેટરી બ્રેડ સ્મિથના કોમ્પ્યુટર્સ સાથે ચેડાં કર્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ચીનના હેકર્સે અમેરિકાના નાણામંત્રી જેનેટ યેલેનના કોમ્પ્યુટર હેક કરી ડેટા ચોરી કરી ખળભળાટ મચાવી દીધો છે. રિપોર્ટ અનુસાર, ચીની હેકર્સે અમેરિકન સેનેટ સભ્ય અને ટ્રેઝરી સેક્રેટરી જેનેટ યેલેનના કોમ્પ્યુટરમાંથી ૫૦થી વધુ ફાઈલો ચોરી લીધી છે.અહેવાલ મુજબ ડિસેમ્બરમાં ચીનના હેકર્સે ટ્રેઝરી વિભાગના ડેપ્યુટી સેક્રેટરી વાલે એડેયેમો અને કાર્યકારી અંડર સેક્રેટરી બ્રેડ સ્મિથના કોમ્પ્યુટર્સ સાથે ચેડાં કર્યા હતા. રિપોર્ટમાં દાવો કરાયો છે કે ચીની હેકર્સે નાણામંત્રી અને ટ્રેઝરી સેક્રેટરી જેનેટ યેલેનના



કોમ્પ્યુટરમાંથી લગભગ ૫૦ ફાઈલો એક્સેસ કરી છે અને ટ્રેઝરી વિભાગના કામ, ગુપ્ત અને આંતરરાષ્ટ્રીય બાબતો સંબંધિત માહિતી ચોરી લીધી છે. આ સિવાય એક રિપોર્ટમાં એવો દાવો કરાયો છે કે હેકર્સે ટ્રેઝરી વિભાગના ૪૦૦થી વધુ પર્સનલ કોમ્પ્યુટર્સ અને પર્સનલ ડિવાઈસમાં સંગ્રહી રાખેલી ૩,૦૦૦થી વધુ ફાઈલો ઍક્સેસ કરી હતી. આ ઉપરાંત હેકર્સે અમેરિકામાં વિદેશી રોકાણ સમિતિ સંબંધિત માહિતી પણ મેળવી છે. આ સમિતિ વિદેશી રોકાણના સુરક્ષા પરિણામોની સમીક્ષા કરે છે.રિપોર્ટ અનુસાર, હેકર્સે થર્ડ-પાર્ટી સાયબર સિક્યુરિટી સર્વિસ પ્રોવાઈડર બિયોન્ડ ટ્રસ્ટ કોર્પોરેશનના સોફ્ટવેરમાં ખામીનો ફાયદો ઉઠાવ્યો હતો. સાયબર સુરક્ષા સેવા પ્રોવાઈડરે ગયા મહિને ૮ ડિસેમ્બરે આ માહિતી આપી હતી. ટ્રેઝરી વિભાગે સાયબર સિક્યુરિટી એજન્સી, એફબીઆઈ અને અન્ય ગુપ્તચર એજન્સીઓને આ અંગે જાણ કરી.

### ૩૨ પેલેસ્ટીનિયનના મોત

## એક તરફ યુદ્ધવિરામની જાહેરાત; બીજી તરફ ઇઝરાયલનો રોકેટમારો

### ગાઝાની અંદાજિત ૯૦ ટકા વસ્તી વિસ્થાપિત થઈ ગઈ, જેના કારણે ભયંકર માનવીય કટોકટી સર્જી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

છેલ્લા ૧૫ મહિનાથી ઈઝરાયેલ સતત ગાઝા પર હુમલા કરી રહ્યું છે, જેમાં ૪૬,૦૦૦થી વધુ પેલેસ્ટીનિયન નગરિકોના મોત થયા છે, ગાઝાની અંદાજિત ૯૦ ટકા વસ્તી વિસ્થાપિત થઈ ગઈ, જેના કારણે ભયંકર માનવીય કટોકટી સર્જી છે. ગાઝા પર હુમલા અટકવવા દુનિયાભરના દેશો ઈઝરાયલ પર સતત દબાણ કરી રહ્યા છે, એવામાં રાહતના સમાચાર છે કે ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ કરાર થયો છે. ઈઝરાયલ હુમલા રોકવા અને હમાસ ઈઝરાયેલી બંધકોને છોડવા તૈયાર થયું છે. જોકે ઈઝરાયલના વડા પ્રધાને આ કરાર હજુ પૂર્ણ ન થયો હોવાનું જાહેર કર્યું છે. અહેવાલ મુજબ કતારના વડા પ્રધાને ૧૫ જાન્યુઆરી બુધવારના રોજ યુદ્ધવિરામ પર બંને પક્ષે સમજુતી સધાઈ હોવાની જાહેરાત કરી હતી. કતારની રાજધાની દોહામાં થયેલી બેઠકો બાદ જાહેરાત કરતા શેખ મોહમ્મદ બિન અબ્દુલ રહેમાન અલ-શાનીએ કહ્યું કે યુદ્ધવિરામ કરાર રવિવારથી અમલમાં આવશે.

## મમતા અને તેમના ભત્રીજા અભિષેક વચ્ચે મતભેદની ખબર

### મમતા બેનર્જીએ મિટીંગમાં કહ્યું કે, હજુ હું ૧૦ વર્ષ સુધી સક્રિય છું અને પાર્ટીની કમાન મારી પાસે જ રહેશે

। (એજન્સી) કોલકાતા, તા.૧૭ ।

પશ્ચિમ બંગાળની સત્તાધારી પાર્ટી ટીએમસી(તૃણમૂલ કોંગ્રેસ)માં મમતા બેનર્જી અને તેમના ભત્રીજા અભિષેક વચ્ચે મતભેદની ખબર સામે આવી રહી છે. એવા પણ વાવડ છે કે, અભિષેક બેનર્જી પાર્ટીમાં મુખ્ય પદ ઈચ્છે છે. પરંતુ, મમતા બેનર્જીએ હાલ ભત્રીજા માટે ફક્ત રાહ જોવાનો જ વિકલ્પ રાખ્યો છે. તેઓએ પોતાના જન્મદિવસની ઉજવણીને લઈને કહ્યું કે, પાર્ટીના કાર્યકર્તા મારો જન્મદિવસ ઉજવે છે, પરંતુ મારી જન્મતિથિ નક્કી જ નથી. મારી ઉંમર તો સર્ટિફિકેટ પર ૫ વર્ષ વધારે લખી છે. આ સિવાય મમતા બેનર્જીએ મિટીંગમાં કહ્યું કે, હજુ હું ૧૦ વર્ષ સુધી સક્રિય છું અને પાર્ટીની કમાન મારી પાસે જ રહેશે. મમતા બેનર્જીની આ ટિપ્પણી બાદ ચર્ચા તેજ થઈ છે કે, શું દીદીએ ભત્રીજાની વધતી મહત્ત્વકાંક્ષાઓ પર લગામ લગાવવા માટે આ નિર્ણય લીધો છે? મમતા બેનર્જીએ કહ્યું, દરેક મારો જન્મદિવસ ઉજવે છે. પરંતુ, મારી જે જન્મતિથિ જણાવવામાં



આવે છે, ત્યારે હું નહોતી જન્મી. તે સમયે ઘરે જ બાળકો પેદા થતા હતા. મને ઘણા લોકો જન્મદિવસની શુભકામના આપે છે, પરંતુ આ મારી જન્મ તારીખ નથી. મારા માતા-પિતાએ બસ સર્ટિફિકેટમાં આ તારીખ લખાવી દીધી હતી, જેને આજે મારા જન્મની તિથિ માનવામાં આવે છે. જોકે, આમાં કંઈ ખોટું નથી. પહેલાંના સમયમાં આવું જ થતું હતું. લોકો સમય વગેરે પર વધારે ધ્યાન ન આપતા. હૉસ્પિટલમાં બાળકોનો જન્મ થતો નહીં, પરંતુ ઘરમાં જ બાળકો પેદા થતા હતાં. મેં એક પુસ્તકમાં પણ મારા જન્મ વિશે લખ્યું છે કે, કેવી રીતે મારા શાળા પ્રવેશ વખતે જન્મ તારીખ લખાવવામાં આવી હતી. નોંધનીય છે કે, દસ્તાવેજોમાં મમતા બેનર્જીની જન્મતિથિ ૫ જાન્યુઆરી, ૧૯૫૫ લખવામાં આવી છે. જે મુજબ તે ૭૦ વર્ષના થઈ ગયા છે. પરંતુ, મમતા બેનર્જીનો દાવો છે કે, તેમની ઉંમર ૬૫ વર્ષની છે. મમતા બેનર્જીના આ દાવાથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે, ટીએમસીની કમાન હાલ મમતાના હાથમાં જ રહેશે. જણાવી દઈએ કે, અભિષેક બેનર્જી અને મમતા બેનર્જીના સમર્થકો વચ્ચે મતભેદ જોવા મળી રહ્યા છે. ખાસ કરીને ડાયમંડ હાર્બર લોકસભા વિસ્તારમાં અભિષેક બેનર્જી રાજ્ય સરકારથી અલગ યોજનાઓ ચલાવી રહ્યા છે. જેના પરથી તેવી પણ ચર્ચા થઈ રહી છે કે, અભિષેક બેનર્જીના આ પ્રયાસો મમતા દીદીથી અલગ મોડેલ રજૂ કરવાનો પ્રયાસ છે. રસપ્રદ વાત એ છે કે, મમતા બેનર્જીએ ૧૦ વર્ષ એક્ટિવ રહેવાની વાત કહી તો અભિષેક બેનર્જીએ પાર્ટીમાં દીદી સાથેના મતભેદોનો ઈનકાર પણ ન કર્યો. અભિષેક બેનર્જીએ કહ્યું કે, પરિવારમાં આવું થતું રહે છે. જ્યારે કોઈ રાજકીય પાર્ટી વધે છે અને મોટી થાય છે તો આવા કિસ્સા સામે આવે છે.

### ગુજરાતીને BCCI માં મળી મોટી જવાબદારી

## સૌરાષ્ટ્રના દિગ્ગજ ખેલાડી બન્યા ટીમ ઈન્ડિયાના નવા બેટિંગ કોચ

### BCCI એ વર્તમાન ઇન્ડિયા છ મુખ્ય કોચ સિતાંશુ કોટકને ભારતીય ટીમમાં બેટિંગ કોચ તરીકે ઉમેરવા નિર્ણય કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

એક અનુભવી ખેલાડી ભારતીય ક્રિકેટ ટીમના સપોર્ટ સ્ટાફમાં સામેલ થવાનો છે. વાસ્તવમાં, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ વર્તમાન ઈન્ડિયા છ મુખ્ય કોચ સિતાંશુ કોટકને ભારતીય રાષ્ટ્રીય ટીમમાં બેટિંગ કોચ તરીકે ઉમેરવાનો નિર્ણય કર્યો છે. કોટક ઈંગ્લેન્ડ સામેની હોમ સિરીઝમાં મુખ્ય કોચ ગૌતમ ગંભીર સાથે જોડાશે. ૨૨ જાન્યુઆરીથી ઈંગ્લેન્ડની ટીમ ભારતના પ્રવાસે છે, જ્યાં પાંચ T20 અને ત્રણ ODI મેચ રમાશે. ચાલો જાણીએ સિતાંશુ કોટક કોણ છે અને શા માટે તેમને બેટિંગ કોચ તરીકે પસંદ કરવામાં આવ્યા. એવું માનવામાં આવે છે કે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી બાદ બીસીસીઆઈની સમીક્ષા બેઠક દરમિયાન ગંભીરે બેટિંગ કોચની માંગ કરી હતી. ભારતીય ક્રિકેટ બોર્ડે આ વિનંતીને સ્વીકારી લીધી છે. BCCIના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું, 'કોચ ગંભીરે સમીક્ષા બેઠક દરમિયાન બેટિંગ કોચની માંગણી કરી હતી. ત્યારથી ચર્ચા ચાલી રહી હતી અને હવે કોટકને સપોર્ટ સ્ટાફમાં સામેલ કરવામાં આવશે. આ બેઠકમાં ભારતીય કેપ્ટન રોહિત શર્મા પણ હાજર હતા. સિતાંશુ કોટકનો જન્મ ૧૯ ઓક્ટોબર ૧૯૭૨ના રાજકોટમાં થયો હતો. સિતાંશુ કોટક ડોમેસ્ટિક ક્રિકેટમાં સૌરાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરતા હતા. સિતાંશુ કોટકના નામે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૮૦૬૧ રન નોંધાયેલા છે.

### મોરક્કન અધિકારીઓએ આપી માહિતી

## મોરોક્કો નજીક દરિયામાં બોટ ડૂબી, ૪૪ પાકિસ્તાનીઓ ડૂબી ગયાની આશંકા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

પાકિસ્તાને ગુરુવારે જણાવ્યું હતું કે સ્પેન પહોંચવાનો પ્રયાસ કરી રહેલી ૮૦ પ્રવાસીઓને લઈ જતી એક બોટ મોરોક્કો નજીક પલટી ગઈ હતી, જેમાં ૪૦ થી વધુ પાકિસ્તાની નાગરિકોના મોત થયા હતા. પ્રવાસી અધિકાર જૂથ વૉકિંગ બોર્ડર્સે જણાવ્યું હતું કે બોટ પલટી જતાં ૫૦ થી વધુ લોકો ડૂબી ગયા હતા. ૨ જાન્યુઆરીના રોજ મોરિટાનિયાથી નીકળ્યા બાદ ૬૬ પાકિસ્તાનીઓ સહિત ૮૬ પ્રવાસીઓને લઈ જતી બોટ પલટી ગયા બાદ મોરક્કન અધિકારીઓએ ૩૬ લોકોને બચાવ્યા હતા. વૉકિંગ બોર્ડર્સના સીઈઓ હેલેના માલેનોએ ઠ પર જણાવ્યું હતું કે ડૂબી ગયેલા ૪૪ લોકો પાકિસ્તાનના હોવાનું માનવામાં આવે છે.તેમણે કહ્યું કે ૫ ીડિતોએ ક્રોસિંગ પર ૧૩ પીડાદાયક દિવસો વિતાવ્યા અને કોઈ તેમને બચાવવા આવ્યું નહીં. પાકિસ્તાનના વિદેશ કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મોરોક્કોમાં તેમનું દૂતાવાસ સ્થાનિક અધિકારીઓના સંપર્કમાં છે. રબાત (મોરોક્કો) ખાતેના અમારા દૂતાવાસે અમને જાણ કરી છે કે મોરિટાનિયાથી ૮૦ મુસાફરો, જેમાં ઘણા પાકિસ્તાની નાગરિકોનોને લઈ જતી એક બોટ મોરોક્કન બંદર દાખલા નજીક પલટી ગઈ છે. પાકિસ્તાનીઓ સહિત ઘણા બચી ગયેલા લોકોને દખલા નજીકના એક કેમ્પમાં રાખવામાં આવ્યા છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મોરક્કોમાં તેનું દૂતાવાસ સ્થાનિક અધિકારીઓના સંપર્કમાં છે. 'રબાત (મોરોક્કો) માં અમારા દૂતાવાસે અમને જાણ કરી છે કે મોરિટાનિયાથી રવાના થયેલી ૮૦થી વધુ મુસાફરોને લઈને એક બોટ મોરક્કોના દાખલા બંદર નજીક પલટી ગઈ છે, જેમાં ઘણા પ ાકિસ્તાની નાગરિકોનો સમાવેશ થાય છે.' હાલમાં પાકિસ્તાનીઓ સહિત ઘણા બચી ગયેલા લોકો દાખલા નજીકના એક કેમ્પમાં આશ્રય મેળવી

## મિત્રને પતિએ હથોડીના ઘા મારી પતાવી દીધો

। (એજન્સી) થાણે, તા.૧૭ ।

મહારાષ્ટ્રના થાણેમાં એક વ્યક્તિએ પોતાની પત્ની પર બળાત્કાર કરનાર મિત્રની હત્યા કરી દીધી છે. આરોપીએ પહેલા તેના મિત્રને ઘરે બોલાવ્યો અને પાર્ટીનું આયોજન કર્યું, ખૂબ દારૂ પીવડાવ્યો અને જ્યારે તે સૂઈ ગયો, ત્યારે તેણે તેના માથા પર હથોડીના મરણતોલ ઘા ફટકાર્યા, જેના પરિણામે તેનું મૃત્યુ થઈ ગયું હતું. પોલીસે ૩૦ વર્ષીય હત્યાના આરોપીની ધરપકડ કરી છે.પોલીસના જણાવ્યા અનુસાર, જ્યારે તેના મિત્રએ તેની પત્ની પર બળાત્કાર ગુજાર્યો ત્યારે તેણે તેને આ વાત કોઈને ન કહેવાની ધમકી આપી હતી. જોકે, પીડિતાએ કોઈક રીતે હિંમત ભેગી કરી અને તેના પતિને આ વિશે જણાવ્યું હતું. ત્યારબાદ, બંનેએ સાથે મળીને બળાત્કારના આરોપીને પાઠ ભણાવવા માટે એક યોજના ઘડી કાઢી હતી. ૩૦ વર્ષીય આરોપી પતિ રવિ (નામ બદલ્યું છે) બદલાપુર વિસ્તારના શિરગાંવનો રહેવાસી છે

### આ ધમકી સતામણી ન ગણાય : હાઈકોર્ટ

## પિયરથી પૈસા નહિ લાવે તો પતિ સાથે રહેવા દેવામાં આવશે નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

પતિ કે સાસરિયાએ માગેલા પૈસા પીયરેથી નહીં લાવે તો પતિ સાથે રહેવા દેવાશે નહીં એવું કહેવા માત્રને માનસિક કે શારીરિક સતામણી કહી શકાય નહીં એમ બોમ્બે હાઈકોર્ટે જણાવ્યું હતું.ન્યા. કાંકણવાડી અને ન્યા. જોશીની બેન્ચે નોંધ કરી હતી કે પત્નીએ પતિ અને સાસરિયા સામે નોંધાવેલી એફઆઈઆરમાં જણાવ્યું હતું કે તેને રૂ. પાંચ લાખની રકમ તેના પિતા પાસેથી લાવવા જણાવ્યું હતું જેથી પતિ કાયમી સરકારી નોકરી મેળી શકે. જોકે તેના માતાપિતા ગરીબ હોવાથી આટલી રકમ આપી શકે તેમ નહોતા.પતિ અને સાસરિયાએ જવાબ આપ્યો હતો કે જો તે રકમ નહીં લાવે તો તોણે સાસરે પાછા આવવું નહીં.આ બાબતે વારંવાર તેની માનસિક અને શારીરિક સતામણી કરવામાં આવી રહી હતી. માનસિક અને શારીરિક ત્રાસ ગણાવતું કૃત્ય જણાવાયું નથી. માત્ર નિવેદન કરવું એ શારીરિક કે માનસિક ત્રાસ કહેવાય નહીં, એમ જજે ૧૦ જાન્યુઆરીના આદેશમાં જણાવ્યું હતું.આ કેસમાં પત્નીએ ચોક્કસ તારીખ અને કેટલો સમય આવી માગણી થતી રહી એ જણાવ્યું નથી. જજે જણાવ્યું હતું કે પત્નીએ પોતાની ક્રૂરતા અને ખરાબ વર્તાવ કઈ રીતે કરવામાં આવતો હતો એ જણાવ્યું નહોવાથી તેના આરોપો અસ્પષ્ટ છે. આવા કેસ પોલીસે જે રીતે તપાસ્યા છે એના પ્રત્યે પણ જજે ચિંતા વ્યક્ત કરીને નોંધ્યું હતું કે પોલીસે રેકોર્ડ કરેલા મોટાભાગના નિવેદનો ફરિયાદી મહિલાના સંબંધીના છે.

**વિશેષ** | હરિયાણા, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢમાં ૧૦૦ ટકા ડ્રોન સર્વેક્ષણ પૂર્ણ કરવામાં આવ્યું છે, સ્વામિત્વ હેઠળ ૩.૧૭ લાખથી વધારે ગામડાંઓનું મેપિંગ કરવામાં આવ્યું

# ગ્રામીણ ભારત માટે ઐતિહાસિક ક્ષણ : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સ્વામિત્વ યોજના હેઠળ એક જ દિવસે ૬૫ લાખ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરશે

। નવી દિલ્હી ।

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી વીડિયો કોન્ફરન્સિંગ મારફતે ૧૮મી જાન્યુઆરી, ૨૦૨૫ (શનિવાર) બપોરે ૧૨:૩૦ વાગ્યે સ્વામિત્વ પ્રોપર્ટી કાર્ડ્સનાં ઈ-વિતરણની અધ્યક્ષતા કરશે, જે ભારતની ગ્રામીણ સશક્તીકરણ અને શાસનની સફરમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ કાર્યક્રમમાં છત્તીસગઢ, ગુજરાત, હિમાચલપ્રદેશ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, મિઝોરમ, ઓડિશા, પંજાબ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને બે કેન્દ્રશાસિત પ્રદેશો – જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખનાં ૫૦,૦૦૦થી વધારે ગામડાંઓમાં આશરે ૬૫ લાખ સ્વામિત્વ પ્રોપ ર્ટી કાર્ડ્સનું વિતરણ થશે. આ પ્રસંગે સ્વામિત્વ યોજના હેઠળ લગભગ ૨.૨૫ કરોડ પ્રોપર્ટી કાર્ડની તૈયારી અને વિતરણ અને એક જ દિવસે લગભગ ૬૫ લાખ પ્રોપર્ટી કાર્ડના વિતરણના એક મોટા સિમાચિહ્નરૂપ સિદ્ધિને પણ ચિહ્નિત કરે છે.

આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી કેન્દ્રીય મંત્રી શ્રી રાજીવ રંજન સિંહ ઉર્ફે લલન સિંહ, પંચાયતી રાજ મંત્રાલય (એમઓપીઆર), પંચાયતી રાજ રાજ્યમંત્રી પ્રો. એસ. પી. સિંહ બઘેલ અને એમઓપીઆરના સચિવ શ્રી વિવેક ભારદ્વાજની ઉપસ્થિતિમાં પસંદ કરેલા લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે અને રાષ્ટ્રવ્યાપી સંબોધન કરશે. આ સમારંભમાં કેટલાંક કેન્દ્રીય મંત્રીઓ, મુખ્યમંત્રીઓ, સંબંધિત રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોનાં મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ, પંચાયતનાં પ્રતિનિધિઓ અને દેશભરનાં મુખ્ય હિતધારકો પણ વર્ચ્યુઅલ રીતે ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે ૨૩૦થી વધુ જિલ્લાઓમાં આયોજિત થનારા વિવિધ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં નાગરિકો પ્રોપર્ટી કાર્ડના ભૌતિક વિતરણમાં ભાગ લેશે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આશરે ૧૩ કેન્દ્રીય મંત્રીઓ પ્રોપર્ટી કાર્ડના પ્રાદેશિક વિતરણ સમારોહની દેખરેખ માટે દેશભરમાંથી નિર્ધારિત સ્થળોએથી ભૌતિક રીતે જોડાશે.

**સ્વામિત્વ યોજના હેઠળ મુખ્ય સિદ્ધિઓ**

સ્વામિત્વ યોજનાએ નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે, જેમાં ભારતભરના ૩.૧૭ લાખ ગામડાઓમાં ડ્રોન સર્વેક્ષણ પૂર્ણ થયું છે. આમાં લક્ષદ્વીપ, લદ્દાખ, દિલ્હી, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ જેવા કેન્દ્રશાસિત પ્રદેશો તેમજ મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢમાં સંપૂર્ણ સંતૃપ્તિનો સમાવેશ થાય છે. આ ઉપરાંત હરિયાણા, ઉત્તરાખંડ, પુડુચેરી, ત્રિપુરા, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને ગોવાના તમામ વસતી ધરાવતા ગામો માટે પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે, જે અમલીકરણમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે.

રાષ્ટ્રીય સ્તરે, આ યોજના હેઠળ કુલ ૩,૪૬,૧૮૭ ગામોને સૂચિત કરવામાં આવ્યા છે, જેમાં ૩,૧૭,૭૧૫ ગામોમાં ડ્રોન ઉડ્ડયન પૂર્ણ થયું છે, જે ૯૨% સિદ્ધિ દર્શાવે છે. રાજ્યની પૂછપરછ માટે નકશા સોંપવામાં આવ્યા છે અને ૧,૫૩,૭૨૬ ગામો માટે પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે, જેના પરિણામે લગભગ ૨.૨૫ કરોડ પ્રોપર્ટી કાર્ડ જારી કરવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોએ ૧૦૦ ટકા ડ્રોન સર્વેક્ષણ હાંસલ કર્યું છે, જેમાં પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં નોંધપાત્ર પ્રગતિ અનુક્રમે ૭૩.૫૭ ટકા અને ૬૮.૯૩ ટકા છે. હરિયાણા અને ઉત્તરાખંડ ડ્રોન સર્વેક્ષણ અને પ્રોપર્ટી કાર્ડ બંનેની તૈયારીમાં ૧૦૦% પૂર્ણતા સાથે અલગ છે. મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક અને રાજસ્થાને ડ્રોન સર્વેક્ષણમાં પ્રશંસનીય પ્રગતિ કરી છે, જેમાં મહારાષ્ટ્ર અને ગુજરાતે ૯૮ ટકાથી વધુની સિદ્ધિ હાંસલ કરી છે, જો કે પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં વધુ ઝડપની જરૂર છે. ગ્રામીણ અબાદીની કુલ ૬૭,૦૦૦ જૂ.હ્ન જમીનનું સર્વેક્ષણ કરવામાં આવ્યું છે, જેની કિંમત રૂ. ૧૩૨ લાખ કરોડ છે, જે પહેલના આર્થિક મહત્વ પર ભાર મૂકે છે.

**ભારતનાં જમીન શાસન મોડલને પ્રદર્શિત કરવા માટે આંતરરાષ્ટ્રીય પહોંચ**

આગળ જોતા, મંત્રાલય સ્વામિત્વ યોજનાની સફળતાને વૈશ્વિક પ્લેટફોર્મ પર પ્રદર્શિત કરવાની યોજના ધરાવે છે. માર્ચ, ૨૦૨૫માં એમઓપીઆરએ વિદેશ મંત્રાલય સાથે જોડાણમાં ભારતમાં જમીન શાસન પર એક આંતરરાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કરવાની યોજના બનાવી છે, જેમાં આફ્રિકા, લેટિન અમેરિકા અને દક્ષિણપૂર્વ એશિયાનાં આશરે ૪૦ પ્રતિનિધિઓ સામેલ થશે. આ વર્કશોપનો ઉદ્દેશ શ્રેષ્ઠ પદ્ધતિઓ અને અદ્યતન ડ્રોન તથા જીઆઈએસ ટેકનોલોજી વહેંચવાનો છે, જે વિશ્વભરમાં આ પ્રકારની પહેલો માટે જોડાણને પ્રોત્સાહન આપશે. મે ૨૦૨૫માં, મંત્રાલય ભારતની સિદ્ધિઓને પ્રકાશિત કરવા અને મોડેલના આંતરરાષ્ટ્રીય સ્વીકારને પ્રોત્સાહિત કરવા માટે વોશિંગ્ટનમાં વર્લ્ડ બેંક લેન્ડ ગવર્નન્સ કોન્ફરન્સમાં ભાગ લેવાની પણ યોજના બનાવી રહ્યું છે.

**સ્વામિત્વ : ગ્રામીણ ભારત માટે ગેમ-ચેન્જર**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ૨૪ એપ્રિલ, ૨૦૨૦ (રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ)ના રોજ શરૂ કરવામાં આવેલી સ્વામિત્વ યોજનાનો ઉદ્દેશ ગ્રામીણ અબાદી વિસ્તારોમાં ડ્રોન અને જીઆઈએસ ટેકનોલોજીનો ઉપયોગ કરીને મિલકત માલિકોને "અધિકારોનો રેકોર્ડ" પ્રદાન કરવાનો છે. કોવિડ-૧૯ રોગચાળાને કારણે ઊભા થયેલા અભૂતપૂર્વ પડકારો છતાં, પ્રધાનમંત્રીએ ૧૧ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ પ્રોપર્ટી કાર્ડ્સના પ્રથમ સેટનું વર્ચ્યુઅલ વિતરણ કર્યું હતું, જે આ પરિવર્તનકારી પહેલ પ્રત્યે સરકારની દ્રઢ પ્રતિબદ્ધતા દર્શાવે છે. સ્વામિત્વ યોજનાએ જમીનનાં શાસનને મજબૂત કરીને, નાણાકીય સર્વસમાવેશકતાને પ્રોત્સાહન આપીને અને ગ્રામીણ સમુદાયનાં વિકાસને વેગ આપીને ગ્રામીણ ભારત પર પરિવર્તનકારી અસર કરી છે. તેણે બેંક લોન સુધી સરળતાથી પહોંચની સુવિધા આપી છે, લાંબા સમયથી ચાલતા જમીન વિવાદોનું નિરાકરણ કર્યું છે અને મહિલાઓને તેમના સંપત્તિના અધિકારો સુરક્ષિત કરીને સશક્ત બનાવી છે, જે સામાજિક અને આર્થિક સશક્તીકરણમાં નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે.

# તંત્રી લેખ...

## ભારતીય સિનેમાને વૈશ્વિક સ્તરે પ્રશંસા મળી રહી છે

ભારતીય સિનેમાને હવે વૈશ્વિક સ્તરે પ્રશંસા મળી રહી છે. વાસ્તવમાં ભારતીય સિનેમા સરહદ ઓળંગીને હવે વૈશ્વિક સ્તરે એક અલગ ઓળખ ઊભી કરી રહી છે તેમ માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવે જણાવ્યું છે. તેઓ ગઈકાલે ૧૬ જાન્યુઆરીએ આઈફાના એક કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા હતા. મહારાષ્ટ્રમાં છત્રપતિ સંભાજીનગર ખાતે ૧૦મા અજંતા ઈલોરા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ (AIFF)ની મુલાકાત દરમિયાન ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ સંજય જાજુએ જણાવ્યું હતું કે, ''વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સતત સિનેમાને 'સોફ્ટ પાવર' તરીકે મહત્વ આપ્યું છે અને ફિલ્મ ઉદ્યોગને પોતાનો ટેકો આપ્યો છે. આજે ભારતીય ફિલ્મો વૈશ્વિક દર્શકોને આકર્ષી રહી છે અને વિશ્વભરમાં અસાધારણ પ્રશંસા મેળવી રહી છે.'' મળતા અહેવાલ મુજબ માહિતી અને પ્રસારણ સચિવે ૧૫ જાન્યુઆરીએ મહોત્સવના ઉદ્‌ઘાટન સમારંભમાં હાજરી આપવાની હતી, પરંતુ કેટલાંક કારણસર જાજુ બુધવારે હાજર રહી શક્યા નહોતા. અલબત્ત તેમણે બીજા દિવસે મહોત્સવની મુલાકાત લીધી અને આયોજકો અને પ્રેક્ષકો સાથે વાતચીત કરી હતી. AIFF ના માનદ અધ્યક્ષ અને પ્રખ્યાત ફિલ્મ નિર્માતા આશુતોષ ગોવારિકર, આયોજન સમિતિના અધ્યક્ષ નંદકિશોર કાગલીવાલ, મહોત્સવ નિર્દેશક સુનીલ સુકથંકર, કલાત્મક નિર્દેશક ચંદ્રકાંત કુલકર્ણી, સર્જનાત્મક નિર્દેશકો જયપ્રદ દેસાઈ, જ્ઞાનેશ ઝોટિંગ, શિવ કદમ અને કન્વીનર નિલેશ રાઉત સહિત અનેક પ્રતિષ્ઠિત હસ્તીઓ દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અંગે વાત કરતાં જાજુએ કહ્યું હતું કે સિનેમા એ ભારતના કલા, નાટક, નૃત્ય અને સંગીતના પ્રાચીન નાટ્ય શાસ્ત્રના લાંબા અને સમૃદ્ધ વારસામાં એક આધુનિક ઉમેરો છે. ''મેં કેન્દ્રીય સચિવનો કાર્યભાર સંભાળ્યાને એક વર્ષ થઈ ગયું છે. આ સમયગાળા દરમિયાન છત્રપતિ સંભાજીનગર જેવા પ્રદેશો અને AIFF જેવા કાર્યક્રમ સાંસ્કૃતિક જીવંતતા અને સિનેમેટિક વિવિધતા જોવી ખરેખર પ્રેરણાદાયક છે.'' આ કાર્યક્રમના આયોજન માટે સ્થાનિક સમુદાયોના સામૂહિક પ્રયાસો ખૂબ પ્રશંસાને પાત્ર છે તેમ પણ તેમણે કહ્યું હતું. આઈ એન્ડ બી સચિવ સંજય જાજુએ કાર્યક્રમમાં હાજરી આપવા બદલ આનંદ વ્યક્ત કર્યો.

## પ્રધાનમંત્રી મોદીએ ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો ૨૦૨૫નું ઉદઘાટન કર્યું

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે ભારતના સૌથી મોટા મોબિલિટી એક્સ્પો ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો ૨૦૨૫નું ઉદ્‌ઘાટન કર્યું હતું. જનમેદનીને સંબોધતા તેમણે સતત ત્રીજી વખત તેમની સરકાર ચૂંટાવા બદલ લોકોનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં અન્ય બે સ્થળોએ આ એક્સ્પો યોજાવાની સાથે આ વર્ષના એક્સ્પોનું પ્રમાણ ઘણું વિસ્તૃત થયું છે, જે ગયા વર્ષે ૮૦૦ પ્રદર્શકો, ૨.૫ લાખ મુલાકાતીઓની સંખ્યા હતી. શ્રી મોદીએ નોંધ્યું હતું કે, આગામી ૫ દિવસમાં ઘણાં નવા વાહનો લોંચ થશે, જેમાં ઘણાં પ્રતિનિધિઓ આ કાર્યક્રમમાં સામેલ થશે. તેમણે વધુમાં કહ્યું હતું કે, "આ દર્શાવે છે કે, ભારતમાં મોબિલિટીનાં ભવિષ્ય સાથે સંબંધિત મહાન સકારાત્મકતા છે." આ પ્રદર્શનના સ્થળે પોતાની મુલાકાતનો ઉલ્લેખ કરીને શ્રી મોદીએ કહ્યું હતું કે, "ભારતનો ઓટોમોટિવ ઉદ્યોગ અદભૂત અને ભવિષ્ય માટે તૈયાર છે." તેમણે દરેકને શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રધાનમંત્રીએ ભારતીય ઓટો સેક્ટરના ભવ્ય આયોજન દરમિયાન શ્રી રતન ટાટા અને શ્રી ઓસામુ સુઝુકીને યાદ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ભારતીય ઓટો સેક્ટરનાં વિકાસમાં તેમજ ભારતનાં મધ્યમ વર્ગનાં પરિવારોનાં સ્વપ્નોને સાકાર કરવામાં બંને દિગ્ગજોનું પ્રદાન ઘણું મોટું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, તેમનો વારસો ભારતનાં સંપૂર્ણ મોબિલિટી ક્ષેત્રને સતત પ્રેરિત કરતો રહેશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "લોકોની આકાંક્ષાઓ અને યુવાનોની ઊર્જાથી પ્રેરિત થઈને ભારતનું ઓટોમોબાઈલ ક્ષેત્ર અભૂતપૂર્વ પરિવર્તનનો સાક્ષી બની રહ્યું છે." તેમણે વધુમાં કહ્યું હતું કે, છેલ્લાં એક વર્ષમાં ભારતીય ઓટો ઉદ્યોગમાં આશરે ૧૨ ટકાનો વધારો થયો છે. "મેક ઈન ઈન્ડિયા અને મેક ફોર ધ વર્લ્ડ" ના મંત્રથી નિકાસ વધી રહી છે. શ્રી મોદીએ નોંધ્યું હતું કે, ભારતમાં દર વર્ષે વેચાતી કારોની સંખ્યા ઘણાં દેશોની વસતિ કરતાં વધારે છે. તેમણે કહ્યું કે એક વર્ષમાં આશરે ૨.૫ કરોડ કારનું વેચાણ ભારતમાં સતત વધતી માંગને દર્શાવે છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ વૃદ્ધિ દર્શાવે છે કે જ્યારે મોબિલિટીનાં ભવિષ્યની વાત આવે છે, ત્યારે ભારતને આટલી ઊંચી અપેક્ષાઓ સાથે શા માટે જોવામાં આવે છે. મોદીએ જણાવ્યું કે, "અત્યારે ભારત દુનિયાનું પાંચમું સૌથી મોટું અર્થતંત્ર છે અને પેસેન્જર વ્હિકલનું ત્રીજું સૌથી મોટું બજાર છે." તેમણે નોંધ્યું હતું કે, જ્યારે ભારત વૈશ્વિક સ્તરે ટોચનાં ત્રણ અર્થતંત્રોમાંનું એક બનવા તરફ આગેકૂચ કરી રહ્યું છે, ત્યારે દેશનાં ઓટો માર્કેટમાં અભૂતપૂર્વ પરિવર્તન અને વિસ્તરણ જોવા મળશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કેટલાંક પરિબળો ભારતમાં મોબિલિટીનાં ભવિષ્યને વેગ આપે છે, જેમાં દેશની યુવા પેઢીની મોટી વસતિ, મધ્યમ વર્ગનું વિસ્તરણ, ઝડપી શહેરીકરણ, આધુનિક માળખાગત વિકાસ અને મેક ઈન ઈન્ડિયા પહેલ મારફતે વાજબી વાહનો સામેલ છે. તેમણે કહ્યું કે, આ પરિબળો સામૂહિક રીતે ભારતમાં ઓટો ક્ષેત્રના વિકાસને વેગ આપે છે. ઓટો ઉદ્યોગનાં વિકાસ માટે જરૂરિયાત અને આકાંક્ષાઓ એમ બંનેનાં મહત્ત્વ પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, ભારત બંને વસ્તુ છે અને તેમણે એ વાત પર ભાર આપ્યો કે ભારત ઘણાં દાયકાઓ સુધી દુનિયાનો સૌથી યુવા દેશ બની રહેશે, જેમાં યુવાનો સૌથી મોટો ગ્રાહક વર્ગ હશે. તેમણે કહ્યું હતું કે આ મોટી યુવા વસ્તી મહત્વપૂર્ણ માંગ પેદા કરશે. આ ઉપરાંત પ્રધાનમંત્રીએ ધ્યાન દોર્યું હતું કે, અન્ય મુખ્ય ગ્રાહક વર્ગ ભારતનો મધ્યમ વર્ગ છે અને છેલ્લાં એક દાયકામાં ૨૫ કરોડ ભારતીયો ગરીબીમાંથી બહાર આવ્યાં છે, જે નવ-મધ્યમ વર્ગની રચના કરે છે, જે તેમનાં પ્રથમ વાહનોની ખરીદી કરે છે. તેમણે ઉમેર્યું હતું કે, જેમ-જેમ પ્રગતિ ચાલુ રહેશે, તેમ-તેમ આ જૂથ તેમનાં વાહનોને અપગ્રેડ કરશે, જેનો લાભ ઓટો ક્ષેત્રને મળશે. એક સમયે ભારતમાં કાર ન ખરીદવાનું કારણ સારા અને પહોળા માર્ગોનો અભાવ હોવાનું નોંધતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, અત્યારે આ સ્થિતિ બદલાઈ રહી છે અને તેમણે કહ્યું હતું કે, "સરળતા હવે ભારત માટે પ્રાથમિકતા છે." તેમણે નોંધ્યું હતું કે, ગયા વર્ષના બજેટમાં માળખાગત વિકાસ માટે રૂ. ૧૧ લાખ કરોડથી વધુની ફાળવણી કરવામાં આવી હતી. પ્રધાનમંત્રીએ એ બાબત પર પ્રકાશ પાડ્યો હતો કે, સમગ્ર ભારતમાં મલ્ટિ-લેન હાઈવે અને એક્સપ્રેસવેનું નિર્માણ થઈ રહ્યું છે.

**રામજીના યજ્ઞમાં વાલ્મીકિજીને પણ આમંત્રણ હતું, એટલે લવકુશની સાથે તેઓ પણ આવ્યા હતા, લવકુશે રામકથા કરી હતી**

# બ્રહ્મને જાણે તે બ્રહ્મરૂપ બની જાય છે, રામાયણની કથા કરુણરસ પ્રધાન, બાળકાંડ સિવાય બધા કાંડમાં રુદન છે





વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**રામજીએ સીતાજીનો ત્યાગ કર્યો હતો, છતાં સીતાજીનાં મનમાં રામજી માટે જરા પણ કુભાવ નહોતો રામજીની સેવા કોણ કરશે એની જ તેઓ તો ત્યારે પણ ચિંતા કરતાં હતાં, સીતાજી વાલ્મીકિના આશ્રમમાં જાય છે, ત્યાં લવ-કુશ નો જન્મ થાય છે, ભાગવતની રચના ગંગાકિનારે થઈ છે અને રામાયણની રચના તમસા નદીના પવિત્ર કિનારે થઈ છે, રામરાજ્યમાં પ્રજાને આટલું સુખ હતું.**

આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં રામાયણની ભગવાન રામચંદ્રજી મર્યાદા પુરુષોત્તમ કહેવાયા તો તે અંગે જોઈએ. ધર્મ મર્યાદા પાળવાથી શું થવાનું છે, પણ જ્ઞાની પુરુષોને પણ જ્ઞાનની રામકક્ષાએ પહોંચ્યા પછી ધર્મ ની મર્યાદાની જરૂર રહેતી નથી. છતાં યે લોકોને ધર્મ મર્યાદાનો મોંધ આપવા તેઓ હંમેશાં મર્યાદાનું પાલન કરે છે. સ્વધર્મની મર્યાદાનું પાલન કરનાર માનવી સુખી થાય છે.રામજી કદી એવું માનતા નથી કે હું સ્વતંત્ર છું. શ્રીરામ સદા પોતાને ધર્મ પરતંત્ર માને છે. એટલે રામનો પ્રત્યેક સદગુણ જીવનમાં ઉતારવો એજ રામની સાચી સેવા છે. રામજી ખૂબ સરળ હતા. સજ્જન સાથે સરળ અને દુર્જન સાથે પણ તેઓ સરળ બને છે. રામરાજ્યમાં પ્રજા બહુ જ સુખી છે. રામજી બધાની ચિંતા રાખે છે. એક વાર એવું બને છે કે, એક ધોબી સીતા જી ની નિંદા કરે છે. આ સાંભળી રામ જી લક્ષ્મણને કહે છે કે, લક્ષ્મણ, લોકો ગમે તેમ બોલે તે મને પસંદ નથી. લોકોને એવું બોલવા કારણ ન દેવું જોઈએ. માટે લોકાચારનું પાલન કરવું એ મારી ફરજ છે. એટલે તું સીતાજી ને રથમાં બેસાડી ને વનમાં મૂકી આવ. લક્ષ્મણને આ ગમતું નથી. જ્ઞાની થવું સહેલું છે,યોગી થવું પણ સહેલું છે, પણ સેવક થવું સૌથી કઠણ છે. નહીં ગમતું કામ પણ સેવકે પ્રસન્ન મનથી કરવું પડે છે. લક્ષ્મણજીને સીતાજીને વનમાં ત્યાગ કરવાનું કામ ગમતું નથી. છતાં એમને એ કરવું પડે છે. લક્ષ્મણજી સીતાજીને વનમાં છોડી આવે છે. રામજીએ સીતાજીનો ત્યાગ કર્યો હતો. છતાં સીતાજીનાં મનમાં રામ જી માટે જરા પણ કુભાવ નહોતો રામજીની સેવા કોણ કરશે એની જ તેઓ તો ત્યારે પણ ચિંતા કરતાં હતાં. સીતાજી વાલ્મીકિના આશ્રમમાં જાય છે,ત્યાં લવ-કુશ નો જન્મ થાય છે. ભાગવતની રચના ગંગાકિનારે થઈ છે અને રામાયણની રચના તમસા નદીના પવિત્ર કિનારે થઈ છે. રામરાજ્યમાં પ્રજાને આટલું સુખ હતું, છતાં પ્રજાએ રામસીતાના સુખનો જરાય વિચાર નથી કર્યો. એક માત્ર વસિષ્ઠજીને આ બધું જોઈ દુઃખ થતું હતું. એટલે એમણે રામ-સીતાજીને પાછાં બોલાવી લાવવા આગ્રહ કર્યો હતો, પણ રામજીએ તેમ કરવાની ના પાડી, ત્યારે વસિષ્ઠજીએ કહ્યું કે, તમને યજ્ઞનો અધિકાર નથી. યજ્ઞમાં ધર્મ પત્નીની હાજરી સાથે જોઈએ. ત્યારે રામજીએ સીતાજીની સુવર્ણ પ્રતિમા બનાવીને યજ્ઞમાં પોતાની પડખે બેસાડી. રામજીના યજ્ઞમાં વાલ્મીકિજીને પણ આમંત્રણ હતું.એટલે લવકુશ ની સાથે તેઓ પણ આવ્યા હતા. લવકુશે રામકથા કરી હતી. રામજી જમીન ઉપર બેસીને કથા સાંભળતા હતા. રામજીએ મર્યાદાનું કથા માં પણ પાલન કર્યું હતું.લવકુશને જોઈને રામજીને બહુ પ્રેમ થાય છે અને વસ્ત્ર- ઉપહાર આપવા તૈયાર થાય છે, ત્યારે લવકુશ કહે છેકે,અમારા ગુરુની આજ્ઞા છે કે, અમે ઋષિ બાળકો છીએ. અમારાથી ગૃહસ્થ નો કોઈ લેશાન જેવું વાલ્મીકિના શિષ્યો છીએ એથી વધુ પરિચય આપવો એ ઋષિબાળકની મર્યાદા ની બહારની વાત છે. અમારાથી અમારા માતા પિતા કે ઘરનો પરિચય ન અપાય.સમજીને સમગ્ર રામાયણ સાંભળવાની ઈચ્છા છે.પણ લવ કુશ કહે છે કે, અમારા ગુરુસ્તી આજ્ઞા છે કે, રાજ્યાભિષેક સુધી ની જ કથા કહેવી. એટલે આગળ અમે નહીં કહી શકીએ. આશ્રમમાં આવીને લવકુશ સીતાજીને કહે છે કે,મા, આજે અમે એક મોટા રાજાની સભામાં ગયા હતા. એમનું નામ રામ છે. એમની બાજુમાં તારા જ જેવી એક સોનાની મૂર્તિ હતી. સીતાજીને એ જાણીને આનંદ થાય છે કે, રામે મારો ત્યાગ નથી કર્યો. રામજીએ સીતાનો ત્યાગ કર્યો નથી, પણ એક રાજાએ પ્રજાને શુદ્ધ ચારિત્ર્યનો આદર્શ આપવા એક રાણીનો ત્યાગ કર્યો હતો. જીવ જ્યારે કંઈ આપે છે,ત્યારે પોતાને માટે રાખીને આપે છે. પણ શ્રીરામ આપે છે ત્યારે પોતાનું સર્વ સ્વ આપે છે એમ એમણે પોતાનું સર્વસ્વ પ્રજાહિતાર્થે દઈ દીધું હતું. મહર્ષિ વાલ્મીકિએ અયોધ્યાની પ્રજાને ઠપકો આપ્યો છે અને કહ્યું કે,જેમણે તમારા સુખ માટે આટલું કર્યું, એ રામ અને સીતાજી માટે તમને જરાય દુઃખ નથી થતું! શ્રીરામને એકલા અયોધ્યાના રાજ મહેલમાં રહેવું પડે અને સીતાજી ને મારા આશ્રમમાંએ ક્યાંનો ન્યાય છે? વાલ્મીકિ સીતા જીને કહે છે કે, બેટા, એક વખત તું મારી સાથે રામજીના દરબારમાં આવશે? તને રામજી ખૂબ યાદ કરે છે. અને રાજ સભામાં જવાનો દિવસ પણ નક્કી થયો અને એ વાલ્મીકિ સીતાજીને લઈને અયોધ્યાની રાજસભામાં આવ્યા સીતાજીની નજર જમીન ઉપર સ્થિર હતી. અયોધ્યાની પ્રજા સીતાજીનાં દર્શન કરે છે અને જય જયકાર કરે છે. ન ત્યારે સીતાજી કહે છે, મેં જો રામ સિવાય સ્વપ્રે પણ કદી બીજા કોઈનો વિચાર ન કર્યો હોય અને પતિવ્રતા ધર્મ પૂરેપૂરો પાળ્યો હોય તો હે ધરતી માતા, મને તમે તમારી ગોદમાં લઈ લો! અને એ જ ક્ષણે ધરતીમાતા સીતાજીને પોતાનામાં સમાવી લે છે. આમ સીતાજી ધરતીમાંથી પ્રગટ થયાં હતાં અને ધરતીમાં જ સમાઈ ગયાં હતાં. એક વખત વસિષ્ઠ હનુમાનજીને પૂછે છે કે, ખરેખર તમે કોણ છો? હનુમાનજી કહે છે, દેહ બુદ્ધિથી હું રામનો દાસ છું. જીવબુદ્ધિથી હું રામજીનો અંશ છું. એક દ્રષ્ટિએ હું અને રામ એક છીએ. મારામાં અને રામમાં ભેદ નથી! ખરેખર ભક્ત અને ભગવાન એક જ છે. બ્રહ્મને જાણનારો બ્રહ્મથી અલગ રહી શકતો નથી. હું બ્રહ્મને જાણે તે બ્રહ્મરૂપ બને છે. રામાયણની કથા કરુણરસ પ્રધાન છે. બાળકાંડ સિવાય બધા કાંડમાં રુદન છે. રામ સિવાય બીજે આરામ ખોળે છે તે આરામને બદલે માત્ર ઉપાધિ મેળવે છે. એટલા માટે સતત રામનું ચિંતન કરવું. રામાયણમાં વાલ્મીકિ એ કેવા કેવા આદર્શ સમાજ સમક્ષ મૂક્યા છે તેનો વિચાર કરો. રામાયણમાં એક પાત્ર આદર્શ છે. પિતા આદર્શ, માતા આદર્શ, પતિ આદર્શ,પત્ની આદર્શ ભાઈ આદર્શ, ગુરુ આદર્શ,પુત્ર આદર્શ અને શત્રુ પણ આદર્શ રાવણ જેવો શત્રુ ક્યાં મળે!રામનું સામર્થ્ય અને રામની દૈવી શક્તિ એ જાણે છે અને એને વખત આવ્યે બિરદાવે છે એ કંઈ જેવો તેવો દુશ્મન ન ગણાય. એ બતાવે છે કે, મનુષ્ય કાલાધીન છે, સ્વભાવાધીન છે. બધી ઈશ્વરની જ લીલા છે. શ્રીમદ્ રામાયણ એ શ્રીરામજીનું નામસ્વરૂપ છે. રામાયણનો એક એક કાંડ એ રામજીનું અંગ છે. બાળકાંડ એટલે રામજીનાં ચરણ, અયોધ્યાકાંડ એટલે સાથળ, અરણ્ય કાંડ એટલે ઉદર,કિષ્કિંધા કાંડ એટલે હૃદય, સુંદર કાંડ એટલે કંઠ, લંકાકાંડ એટલે મુખ અને ઉત્તરકાંડ એ રામજીનું મસ્તક છે. આમ શ્રીરામાયણ રામજીનું નામ સ્વરૂપ હોઈ જીવ માત્રનો તે ઉદ્ધાર કરે છે. રામચંદ્રજી આ પૃથ્વી ઉપર પ્રત્યક્ષ બિરાજતા હોય ત્યારે તેઓ પોતે જીવોનો ઉદ્ધાર કરે છે પણ જ્યારે તેઓ પ્રત્યક્ષ બિરાજતા ન હોય ત્યારે રામાયણ એમનુંએ કામ બજાવે છે. રામજીએ તો અમુક જીવોનો ઉદ્ધાર કરેલો પણ રામાયણે તો અસંખ્ય જીવોને પ્રભુને માર્ગે વાળ્યા છે અને જીવોનું કલ્યાણ કરે છે અને કરતું રહેશે. તેથી રામ કરતાં રામાયણ શ્રેષ્ઠ છે એમ કહીએ. અયોધ્યા કાંડનો જે પાઠ કરશે તેનું ઘર અયોધ્યા બનશે. તેના ઘરમાં ઝઘડો થશે નહીં. અયોધ્યા કાંડની ગૃહસ્થાશ્રમીઓને બહુ જરૂર છે. કલહનું મૂળ પૈસો અને પ્રતિષ્ઠા છે. અયોધ્યા કાંડએ મૂળનો નાશ કરે છે. અયોધ્યા કાંડનું ફળ છે નિર્વૈરતા.ઘરના એક એક મનુષ્યમાં ભાગવત ભાવ રાખો. ભાછમાં જેને ભગવાન ન દેખાય તેને એક મંદિરમાં પણ ભગવાન દેખાવાના નથી. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.

**આપણા પ્રાદેશિક પાણીનું રક્ષણ કરવું, નેવિગેશનની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવી અને દરિયાઈ માર્ગો, જે આપણા દરિયાઈ ધોરીમાર્ગો છે, સુરક્ષિત રાખવા જરૂરી**

# નિયમો આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થામાં ઉથલપાથલને જોતા ભારતના આક્રમક અને રક્ષણાત્મક જવાબોને વધુ મજબૂત કરવાની જરૂરઃ રક્ષા મંત્રી

**'નૌકાદળના નાગરિકોના વર્ષ'માં હાથ ધરવામાં આવેલી વિવિધ પહેલ અને પ્રવૃત્તિઓને ઉજાગર કરતી ટૂંકી ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. ઉજવણીમાં એક મધુર સ્પર્શ ઉમેરતા, ભારતીય નૌકાદળે નૌકાદળના નાગરિકોને સમર્પિત એક વિશેષ ગીત રજૂ કર્યું જે નૌકાદળમાં નૌકાદળના નાગરિકોના યોગદાનને આબેહૂબ રીતે રજૂ કરે છે.**


ભારતની આર્થિક સમૃદ્ધિ હિંદ મહાસાગર ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષા સાથે જોડાયેલી છે; પ્રાદેશિક જળનું રક્ષણ કરવું, નેવિગેશનની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવી અને દરિયાઈ માર્ગોને સુરક્ષિત રાખવા જરૂરી છે, સાયબર સુરક્ષા એ દરિયાઈ સુરક્ષાનું એક મહત્વનું પાસું છે; સાયબર સુરક્ષાની ચિંતાઓને અવગણવી હાનિકારક/ઘાતક બની શકે છે, રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહે નિયમો-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થામાં જોવા મળી રહેલી ઉથલપાથલને ધ્યાનમાં રાખીને ભારતની આક્રમક અને રક્ષણાત્મક પ્રતિક્રિયાઓને મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ નવી દિલ્હીમાં, ૨૦૨૪ ને નૌકાદળના નાગરિકોના વર્ષ તરીકે ઉજવવા માટે આયોજિત એક કાર્યક્રમને સંબોધતા, રક્ષા મંત્રીએ તંગ ભૌગોલિક રાજકીય સુરક્ષા પરિદ્રશ્યને કારણે સશસ્ત્ર દળો માટે વધતી જતી જટિલતાઓ પર પ્રકાશ પાડ્યો અને તેની નિર્ણાયક ક્ષમતાને વધારવાનો પ્રયાસ કર્યો. વહેલી તકે દેશ. ''જો આપણે સંરક્ષણ અને સુરક્ષાના દ્દષ્ટિકોણથી સમગ્ર દાયકાનું મૂલ્યાંકન કરીએ, તો આપણે કહી શકીએ કે તે અસ્થિર દાયકા રહ્યો છે. આપણે વિશ્વભરના વિવિધ પ્રદેશોમાં સંઘર્ષો અને યુદ્ધોના સાક્ષી છીએ. આ બાબતોને ધ્યાનમાં રાખીને, અમને અમારી સુરક્ષા માટે પ્લાનિંગ, રિસોર્સિંગ અને બજેટિંગની જરૂર છે. સલાહકાર અભિગમ અપનાવવાની જરૂર છે. ભાવિ પડકારોનો સામનો કેવી રીતે કરવો તે અંગે આપ ણે તમામ હિતધારકો પાસેથી ઈનપુટ લેવાની જરૂર છે. આપણા દળોએ બદલાતા સમય અનુસાર સજ્જ અને તૈયાર હોવું જોઈએ,'' શ્રી રાજનાથ સિંહે ભારપૂર્વક જણાવ્યું કે, સશસ્ત્ર દળોના અભિન્ન અંગ એવા નાગરિક કાર્યબળ, આયોજન પ્રક્રિયામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. રક્ષા મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સૈન્ય એક મોટા આદેશ અને જટિલ માળખા સાથે આગળ વધી રહ્યું છે અને નાગરિક કર્મચારીઓ ''યુનિફોર્મ વગરના સૈનિકો'' મુખ્ય ભૂમિકા ભજવે છે કારણ કે તેઓ સૈનિકોને નોંધપાત્ર તાકાત પ્રદાન કરવા માટે પડદા પાછળ કામ કરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશભક્તિ, બહાદુરી અને શિસ્ત સૈનિકોને ધમકીઓ અને પડકારોથી દેશનું રક્ષણ કરવાની તેમની જવાબદારી પૂરી કરવામાં મદદ કરે છે અને નાગરિક કર્મચારીઓએ સુરક્ષા માળખાને વધુ મજબૂત કરવા માટે આ મૂલ્યોને આત્મસાત કરવા જોઈએ. ''રાષ્ટ્રીય સેવાના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં, દરેક જવાબદાર નાગરિક ગણવેશ વિનાનો સૈનિક છે અને દરેક સૈનિક ગણવેશમાં નાગરિક છે,'' તેમણે કહ્યું. ભારતના વ્યૂહાત્મક સ્થાન અને હિંદ મહાસાગર ક્ષેત્ર (IOR)માં તેની ભૌગોલિક રાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, શ્રી રાજનાથ સિંહે આજના સમયની જરૂરિયાત ગણાવીને, નૌકાદળને મજબૂત બનાવવા માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો હતો. . તેમણે તાજેતરના ત્રણ વિશ્વ કક્ષાના યુદ્ધ જહાજો - INS સુરત , INS નીલગીરી અને INS વાઘશેર - મઝાગોન ડોક લિમિટેડ દ્વારા ભારતમાં બાંધવામાં આવેલ કામનો ઉલ્લેખ કર્યો, અને જણાવ્યું કે તે તમામ હિતધારકોના સંયુક્ત પ્રયાસોનું પરિણામ છે. તેમણે જહાજોને ભારતના સશક્તિકરણનું પ્રતીક ગણાવ્યું હતું. ''ભારતની આર્થિક સમૃદ્ધિ દરિયાઈ સુરક્ષા સાથે જોડાયેલી છે. તેથી, આપણા પ્રાદેશિક પાણીનું રક્ષણ કરવું, નેવિગેશનની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવી અને દરિયાઈ માર્ગો, જે આપણા દરિયાઈ ધોરીમાર્ગો છે, સુરક્ષિત રાખવા જરૂરી છે. તાજેતરના વર્ષોમાં, મુખ્ય નૌકાદળ શક્તિઓએ IORમાં તેમની હાજરી ઘટાડી છે, જ્યારે ભારતીય નૌકાદળે તેમાં વધારો કર્યો છે. એડનની ખાડી, લાલ સમુદ્ર અને પૂર્વ આફ્રિકન દેશોને અડીને આવેલા દરિયાઈ વિસ્તારોમાં ખતરો વધવાની સંભાવના છે. આને ધ્યાનમાં રાખીને, ભારતીય નૌકાદળ તેની હાજરીને વધુ વધારવા માટે કામ કરી રહી છે, ''રક્ષા મંત્રીએ કહ્યું. રાજનાથ સિંહે સાયબર સુરક્ષાને આજના સમયમાં દરિયાઈ સુરક્ષાનું એક મહત્વપૂર્ણ પાસું ગણાવતા જણાવ્યું હતું કે સાયબર હુમલાઓને અવગણવાથી હાનિકારક/ઘાતક સાબિત થઈ શકે છે. તેમણે સશસ્ત્ર દળોમાં સાયબર સુરક્ષા અંગે વિશેષ જાગૃતિ અભિયાન ચલાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. રક્ષા મંત્રીએ રાષ્ટ્રની સેવા કરતા દરેક વ્યક્તિના યોગદાનને માન્યતા આપવાની સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. ''કોઈને પાછળ છોડવું જોઈએ નહીં. આ તે વિચાર છે જેની સાથે અમે વડાપ્રધાનના નેતૃત્વમાં કામ કરી રહ્યા છીએ. જો આપણે ભારતીય નૌકાદળ વિશે ખાસ વાત કરીએ તો, અમે નાગરિક અને યુનિફોર્મવાળા કર્મચારીઓને સમાન પસંદગી આપી છે, ''તેમણે કહ્યું. રાજનાથ સિંહે કર્મચારીઓ અને તેમના પરિવારોને નાણાકીય સુરક્ષા સુનિશ્ચિત કરતી વીમા યોજના સહિત નૌકાદળના નાગરિકોના કલ્યાણ માટે લેવામાં આવેલી પહેલોની યાદી આપી હતી. તેમણે ખાતરી આપી હતી કે સરકાર સશસ્ત્ર દળોને મજબૂત કરવા માટે તમામ શક્ય પગલાં લેશે અને ઉમેર્યું હતું કે દરેક ભારતીય તેમની સાથે છે. રક્ષા મંત્રીએ નાગરિક કર્મચારીઓને અદ્યતન તકનીકી પ્રગતિઓથી વાકેફ રહેવા અને ૨૦૪૭ સુધીમાં વડાપ્રધાનના વિકિસિત ભારતના વિઝનને સાકાર કરવા માટે તેમની કુશળતાને અપગ્રેડ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા . તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, સંયુક્ત પ્રયાસોથી, રાષ્ટ્ર ભવિષ્યના પડકારોનો સામનો કરવામાં સક્ષમ બનશે. એક વિકસિત રાષ્ટ્ર. ''અમારો ધ્યેય 'સમગ્ર સરકાર' અભિગમ સાથે કામ કરવાનો છે. તે માત્ર વિભાગ અથવા સંસ્થાના સ્તર સાથે જોડાયેલું હોવું જોઈએ નહીં. જો લોકો સાથે મળીને કામ કરશે, તો પછી તેઓ ગમે તે સંસ્થા સાથે જોડાયેલા હોય, તેઓ દેશના મોટા ધ્યેય માટે કામ કરશે. 'સમગ્ર સરકાર' અભિગમથી આગળ વધીને, આપણે 'સમગ્ર લોકો' અભિગમ સાથે કામ કરવું જોઈએ. સાથે મળીને, અમે ભારતને માત્ર વ્યૂહાત્મક દ્દષ્ટિકોણથી જ મજબૂત કરીશું નહીં, પરંતુ તેના સર્વાંગી વિકાસને નવા આયામો પણ આપીશું,'' રક્ષા મંત્રીએ ઉમેર્યું. રક્ષા રાજ્ય મંત્રી શ્રી સંજય સેઠ અને ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોમાં હતા, જેમણે તેમની કલાત્મક પ્રતિભા, વ્યાવસાયિક શ્રેષ્ઠતા અને સેવાની ભાવનાને બહાર લાવવાની પ્રવૃત્તિઓ દ્વારા નૌકાદળના નાગરિકોના નોંધપાત્ર યોગદાન પર પ્રકાશ પાડ્યો હતો. તેમના સ્વાગત પ્રવચનમાં, નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે ત્રિપાઠીએ ભારતીય નૌકાદળની કામગીરીના વિવિધ પાસાઓને ટેક્નિકલ સહાયતા, વહીવટી વ્યવસ્થાપન અને લોજિસ્ટિક્સ સપોર્ટ સહિત નૌકાદળના નાગરિકો ભજવે છે તે મહત્ત્વપૂર્ણ ભૂમિકાને સ્વીકારી હતી. નૌકાદળની લડાયક તૈયારી અને ઓપરેશનલ સફળતા માટે તેમનું સમર્થન આવશ્યક છે, એમ તેમણે જણાવ્યું હતું. ઈવેન્ટની શરૂઆત ખાસ ફોટો અને પેઈન્ટિંગ પ્રદર્શન સાથે થઈ હતી જેમાં નૌકાદળના નાગરિકોની કલાત્મક પ્રતિભા અને સિદ્ધિઓ દર્શાવવામાં આવી હતી.

### ઓટીટી પર હિસાબ બરાબર થશે રિલીઝ થશે

# આર માધવન હવે હિસાબ બરાબર કરશે

## અજય દેવગનની ફિલ્મ ‘શૈતાન’માં ભયંકર તાંત્રિકની ભૂમિકા ભજવી હતી

અજય દેવગનની ફિલ્મ ‘શૈતાન’માં ભયંકર તાંત્રિકની ભૂમિકા ભજવ્યા બાદ હવે આર માધવન સ્કેમર્સનો સફાયો કરવા માટે તૈયાર છે. અભિનેતા તેની આગામી ફિલ્મ હિસાબ બરાબરમાં એક પ્રામાણિક રેલવે TTE રાધેય મોહન શર્માની ભૂમિકા ભજવતો જોવા મળશે, જેણે છેતરપિંડી કરનારાઓની છેતરપિંડીનો પર્દાફાશ કરવાની શપથ લીધી છે. અશ્વિની ધીર દ્વારા નિર્દેશિત આ ફિલ્મ જાન્યુઆરી ૨૦૨૫માં OTT પર રિલીઝ થશે.આર માધવનની આ ફિલ્મ ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ડિજિટલી રીલિઝ થવા જઈ રહી છે. તે ZEE5 પર હિન્દી, તમિલ અને તેલુગુમાં ઉપલબ્ધ થશે. તાજેતરમાં સ્ટ્રીમિંગ પ્લેટફોર્મે ફિલ્મની પ્રીમિયર તારીખની જાહેરાત કરી હતી અને ટ્વિટર પર કેપ્શન સાથે ટ્રેલર શેર કર્યું હતું. લખવામાં આવ્યું છે કે, “સિસ્ટમ હચમચી જવાની છે, છેતરપિંડી કરનારાઓ ડરી જવાના છે.”ફિલ્મની સ્ટોરી આર માધવન દ્વારા ભજવવામાં આવેલ રાધે મોહન શર્મા પર કેન્દ્રિત છે. તે એક પ્રામાણિક રેલ્વે ટિકિટ ચેકર છે જે તેના બેંક ખાતામાં નાની વિસંગતતા શોધે છે. આ સરળ ભૂલ તેને મિકી મહેતા નામના ભ્રષ્ટ બેંકર દ્વારા આચરવામાં આવેલ એક વિશાળ નાણાકીય કૌભાંડને સામે લાવવામાં મદદ કરે છે, જે નીલ નીતિન મુકેશ દ્વારા ભજવવામાં આવે છે. માધવનનું પાત્ર કૌભાંડના મૂળ સુધી પહોંચે છે, તે તેના પરિવારને પણ જોખમમાં મૂકે છે.હિસાબ બરાબર ફિલ્મમાં આર માધવન, નીલ નીતિન મુકેશ, રશ્મિ દેસાઈ, કીર્તિ કુલ્હારી, ઈમરાન હસાની, ઈશ્તિયાક ખાન, સચિન વિદ્રોહી અને મહેન્દ્ર રાજપૂત જેવા કલાકારોનો સમાવેશ થાય છે.




### ફેન્સને અટકળો ન લગાવવા કરી અપીલ

# સૈફ પર હુમલા અંગે કરીનાએ આપી પ્રતિક્રિયા

## કરીના ખાને ચાહકો-મીડિયાને ધીરજ રાખવા અને અટકળો ન લગાવવા અપીલ

બોલિવૂડ એક્ટર સૈફ અલી ખાન પર થયેલા હુમલા બાદ તેની પત્ની કરીના કપૂર ખાને પ્રથમ પ્રતિક્રિયા આપી છે. કરીના કપૂર ખાને ચાહકો અને મીડિયાને ધીરજ રાખવા અને અટકળો ન લગાવવા અપીલ કરી છે. ગઈકાલ મોડી રાત્રે સૈફ પર એક અજાણ્યા શખ્સે ચપ્પાના છ ઘા માર્યા હતા. જેમાં તેને કરોડરજ્જૂ અને ગળાના ભાગમાં ગંભીર ઈજાઓ થઈ હતી. લીલાવતી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા સૈફની ન્યૂરો સર્જરી બાદ કોસ્મેટિક સર્જરી પૂર્ણ થઈ છે. અને હવે તે સ્વસ્થ હોવાનું હોસ્પિટલે જણાવ્યું છે.કરીના કપૂરે પતિ પર થયેલા હુમલા પર પ્રથમ પ્રતિક્રિયા આપી હતી કે, ‘ઘરમાં ગઈકાલ મોડી રાત્રે ચોરીનો પ્રયાસ થયો હતો. જેમાં પરિવારને બચાવવા જતાં સૈફ પર ચોરે ચપ્પાથી હુમલો કર્યો હતો. તેને હાથમાં વાગ્યું છે. પરિવારના અન્ય સભ્યો સુરક્ષિત છે. અમે મીડિયા અને ચાહકોને અપીલ કરીએ છીએ કે, તેઓ ધીરજ જાળવે અને કોઈ અટકળો ન ફેલાવે. પોલીસ તપાસ કરી રહી છે. તમારી ચિંતા માટે તમામનો આભાર...’લીલાવતી હોસ્પિટલના સીઓઓ ડો. નીરજ ઉત્તમાનીએ જણાવ્યું કે, સૈફ અલી ખાનને તેના બ્રાંદ્રા સ્થિત ઘરમાં એક અજાણ્યા શખ્સે ચાકુના છ ઘા માર્યા હતા. સવારે ૩.૩૦ વાગ્યે તેને હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો. જેમાં કરોડરજ્જૂની નજીક વાગેલો ઘા ઊંડો હતો. એક્ટરના ઓપરેશન ન્યૂરોસર્જન, કોસ્મેટિક સર્જન અને એનેસ્થેટિસ્ટ ડો. ના નેતૃત્વ હેઠળ સારવાર ચાલી રહી છે. ન્યૂરો સર્જરી પૂર્ણ થઈ છે. જેમાં એક્ટરના શરીરમાંથી ૩ ઈંચ લાંબી ધારદાર વસ્તુ કાઢવામાં આવી છે.



### મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો

# પિગી બેંક તોડીને શાહરૂખ ખાનને મળવા નિકળ્યો ફેન




## ભોપાલના સંત હિરદારામ નગર રેલ્વે સ્ટેશન પર RPFAએ ૧૧ વર્ષના બાળકનો રેસ્ક્યૂ કર્યો હતો

ભલે ફિલ્મોની અસર સમગ્ર સમાજ પર પડતી હોય છે, પરંતુ તેની સૌથી વધુ અસર બાળકો પર પડે છે. બાળકોમાં સમજણના અભાવને કારણે તેઓ ફિલ્મોના પાત્રો જેવા બનવા માંગે છે અને સમાન કૃત્યો કરવા માંગે છે. જો માતા-પિતા આવું કરવાની ના પાડે તો બાળકો તેમને પોતાના દુશ્મન માને છે. તાજેતરમાં આવી એક ઘટના ૧૧ વર્ષની સગીર સાથે સંબંધિત છે. જે શાહરૂખ ખાનને મળવા ઉત્તર પ્રદેશથી મુંબઈ જવા નીકળ્યો હતો. પરંતુ રેલ્વે પોલીસે ભોપાલના સંત હિરદારામ નગર રેલ્વે સ્ટેશન પર રેસ્ક્યૂ કર્યો હતો અને તેના માતા-પિતા સુધી પહોંચાડ્યો હતો.સગીર શાહરૂખ ખાનને ફરિયાદ કરવા માંગતો હતો: સંત હિરદારામ નગર રેલવે પોલીસ ફોર્સના અધિકારીઓએ જણાવ્યું કે, બાળક ઉત્તર પ્રદેશનો રહેવાસી છે. તે રેલવે સ્ટેશન પર શંકાસ્પદ સંજોગોમાં ટિકિટ વગર મુસાફરી કરતી વખતે પકડાયો હતો. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે તે ક્યાં જાય છે તો તેણે કહ્યું કે તેને મુંબઈ જવું છે. રેલવે પોલીસે કહ્યું કે, બાળકને જોઈને એવું લાગી રહ્યું હતું કે તે ફિલ્મોથી ઘણો પ્રભાવિત છે. આવી સ્થિતિમાં, તેને રેલ્વે સ્ટેશન પર જ બચાવી લેવામાં આવ્યો અને કાઉન્સેલિંગ આપવામાં આવ્યું હતું. આ દરમિયાન બાળકે જણાવ્યું કે, તેના પિતા દ્વારા માર મારવાથી તે ગુસ્સામાં હતો. તેથી તે શાહરૂખ ખાનને મળવા મુંબઈ જઈ રહ્યો હતો. બાળકે કહ્યું કે, તેણે મુંબઈ જઈને તેના પિતા વિશે શાહરૂખ ખાનને ફરિયાદ કરવી પડશે.ફ્રસગીર બાળકે જણાવ્યું કે, સપ્ટેમ્બર ૨૦૨૩માં તેણે શાહરૂખ ખાનની ફિલ્મ ‘જવાન’ જોઈ હતી. તેમાં સ્ટંટ જોઈને બાળક શાહરૂખ ખાનનો દીવાના થઈ ગયો હતો. ત્યારથી તેણે શાહરૂખ ખાનની ૪૦ થી વધુ ફિલ્મો જોઈ છે. સાથે જ જવાનનો સ્ટંટ જોયા બાદ તેણે પણ તે જ કરવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. જેના કારણે તેને ઘણી વખત ઈજા થઈ હતી.

# અલાયા એફ અને શનાયા કપૂર ‘સ્ટુડન્ટ ઓફ ધ યર 3’ કરશે?

## શનાયાને બેધડક અને સાઉથની ફિલ્મ વૃષભા માટે સાઇન કરવામાં આવી હતી અને આખરે બંને ફિલ્મો પડતી મુકાઈ

કરણ જોહરની ફ્રેન્ચાઈઝી ‘સ્ટુડન્ટ ઓફ ધ યર’એ બોલિવૂડને ઘણા સ્ટાર્સ આપ્યા છે. તેમાં આલિયા, વરુણ ધવન અને સિદ્ધાર્થ મલ્હત્રાની જનરેસથી લઈને અનન્યા, ટાઈગર અને તારા સુતરિયાનો સમાવેશ થાય છે. હવે આ સિરીઝની ત્રીજી ફિલ્મ અંગે ચર્ચાઓ શરૂ થઈ છે. કરણ જોહરે એવી પણ જાહેરાત કરી છે કે આ એક ફિલ્મ નહીં પણ વૅબ સિરીઝ હશે જે તેના ડિજીટલ પ્રોડક્શન હાઉસ ધર્માટિક એન્ટરટેઈનમેન્ટ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે. જોકે, આ સિરીઝમાં કયા એક્ટર્શ હશે, એ અંગે હજુ કોઈ જાહેરાત કરવામાં આવી નથી. પરંતુ એવી અફવાઓ અને ચર્ચાઓ ચાલે છે કે આ ફિલ્મમાં અલાયા એફ અને શનાયા કપૂર લીડ રોલમાં જોવા મળશે. શનાયાને બેધડક અને સાઉથની ફિલ્મ વૃષભા માટે સાઈન કરવામાં આવી હતી અને આખરે બંને ફિલ્મો પડતી મુકાઈ આ સિરીઝનું ડિરેક્શન ઈંટરનેશનલ ફિલ્મ મેકર રીમા માયા કરવાના હોવાનું ચર્ચાય છે, જેની પોતાની પ્રોડક્શન કંપની કેટનિપ છે. ગયા વર્ષે એપ્રિલમાં ચંદિગઢમાં યોજાયેલા સિનેવેસ્ટર્સ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં કરણ જોહરે આ અંગે એક જાહેરાત કરી હતી. તેણે કહ્યું હતું, “સ્ટુડન્ટ ઓફ ધ યરનું ડિજીટલ વર્ઝન રીમા માયા ડિરેક્ટ કરશે. પરંતુ આ તેની કલ્પના હશે, મારી નહીં. કારણ કે જો હું એના વિશ્વમાં દખલ કરું તો પછી તેના નામ પ્રમાણે એક ભ્રમ તૈયાર થશે. મારે માત્ર તેનો અવાજ બનવું હતું. તેણે તેની પોતાની સિરીઝ બનાવી છે.” ‘સ્ટુડન્ટ ઓફ ધ યર’એ બોલિવૂડને ઘણા સ્ટાર્સ આપ્યા ત્યારે એવા પણ અહેવાલો છે કે શનાયા કપૂર પહેલાં ધર્મા પ્રોડક્શનની બેધડક ફિલ્મથી ડેબ્યુ કરવાની હતી, તે હવે આ ફિલ્મમાં પણ જોવા મળશે અને તેની સાથે બીજો લીડ રોલ અલાયા એફ કરશે. શનાયાને બેધડક અને સાઉથની ફિલ્મ વૃષભા માટે સાઈન કરવામાં આવી હતી અને આખરે બંને ફિલ્મો પડતી મુકાઈ. હવે તે વિક્રાંત મેસ્સી સાથે આંખો કી ગુસ્તાખિયાંમાં ડેબ્યુ કરવાની હોવાની ચર્ચા છે. શનાયાને બેધડક અને સાઉથની ફિલ્મ વૃષભા માટે સાઈન કરવામાં આવી હતી અને આખરે બંને ફિલ્મો પડતી મુકાઈ જ્યારે અલાયા એફની બે ફિલ્મો થિએટરમાં તેમજ ઓટીટી પર પણ આવી ચૂકી છે. તે બડે મિંયા છોટે મિંયા અને શ્રીકાંતમાં કામ કરી ચૂકી છે.




### ‘કારવાં’ની ૩૦ કરોડ ટિકિટ દુનિયાભરમાં વેચાઈ હતી

# જિતેન્દ્રનો રેકોર્ડ ‘શોલે’ અને ‘પુષ્પા ૨’ અને ‘દંગલ’ પણ તોડી શક્યા નથી

## જિતેન્દ્રની ૨૦૦માંથી ૧૨૦ ફિલ્મોમાં તે લીડ એક્ટર હતો, તેમણે ભારતીય સિનેમાના કલાકારો માટે એક નવી ચીલો ચાતર્યો હતો

જિતેન્દ્ર ઈન્ડિયાની કલ્ટ ફિલ્મોનો એક એવા સુપરસ્ટાર છે જેમની અનોખી સ્ટાઈલ અને અલગ પ્રકારના ડાન્સનું આજે પણ એક અલગ પ્રકારનું ફૅન ફોલોઈંગ છે. રાજેશ ખન્ના, ધર્મેન્દ્ર અને અમિતાભ બચ્ચન કરતા પણ જિતેન્દ્ર વધુ લોકપ્રિય હતા. તેમની ફિલ્મોને માત્ર ભારતમાં જ નહીં પણ વિદેશમાં પણ જબરદસ્ત પ્રતિસાદ મળતો હતો. આ ફિલ્મોમાંની ૧૯૭૧માં આવેલી તેમની એક ફિલ્મ એવી હતી જે ભારત સાથે ચીનમાં પણ બ્લોકબસ્ટર રહી હતી. આ ફિલ્મની ૩૦ કરોડ ટિકિટ દુનિયાભરમાં વેચાઈ હતી અને આ રેકોર્ડને ‘શોલે’થી માંડીને ‘પુષ્પા ૨’ સુધીની કોઈ ફિલ્મ તોડી શકી નથી. જિતેન્દ્ર એ એક બોડી ડબલ તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી, પરંતુ બહુ ઝડપથી તેમણે પોતાવી એક અલગ ઓળખ બનાવી લીધી હતી. ૩૦ દાયકા લાંબી કારકિર્દીમાં તેમણે ઘણા વૈવિધ્યસભર રોલ પણ કર્યા હતા. જીતુ નામથી જાણીતા જિતેન્દ્રનું સાચું નામ રવિકુમાર છે. તેમણે ફિલ્મ માટે નામ અપનાવ્યું હતું. તેમણે જયા પ્રદા, રેખા અને શ્રીદેવી જેવી સુપર હિટ હિરોઈનો સાથે ‘ફારીસ’, ‘આશા’, ‘મેરી આવાઝ સુનો’, ‘તોહફા’, ‘ધર્મવીર’ અને ‘જાની દુશ્મન’ જેવી ફિલ્મો કરી હતી. આ બધી ફિલ્મોમાં જે એક સૌથી સફળ ફિલ્મ છે તે ૧૯૭૧માં આવેલી ‘કારવાં’ છે. આ ફિલ્મ ભારત ઉપરાંત ચીનમાં પણ ખૂબ સફળ રહી હતી. એ સમયની સૌથી વધુ ક્લાસિક કલ્ટ અને આઈકોનિક ગણાતી ફિલ્મ ‘શોલે’ની દુનિયાભરમાં માત્ર ૨૫ કરોડ ટિકિટ જ વેચાઈ હતી. જ્યારે ‘કારવાં’ની ૩૦ કરોડ ટિકિટ વેંચાઈ હતી. આ એક એવો રેકોર્ડ છે, જે આજ સુધી કોઈ ફિલ્મ તોડી શકી નથી. પછી તે ‘દંગલ’, ‘આરઆરઆર’ કે પછી ‘પુષ્પા ૨’ જ કેમ ન હોય.આઈએમડીબીના અહેવાલો અનુસાર જિતેન્દ્રની ૨૦૦માંથી ૧૨૦ ફિલ્મોમાં તે લીડ એક્ટર હતો. તેમણે ભારતીય સિનેમાના કલાકારો માટે એક નવી ચીલો ચાતર્યો હતો.




### ૨૫ વર્ષ બાદ સાથે કરશે હોરર કોમેડી ફિલ્મ

# અક્ષયનું ભાગ્ય બદલશે આ જાણીતી અભિનેત્રી!



## ફિલ્મના ડાયલોગ્સ રોહન શંકરે લખ્યા છે, ભૂત બંગલા ૨ એપ્રિલ ૨૦૨૬ એ થિયેટર્સમાં રિલીઝ થવા માટે તૈયાર છે

પ્રિયદર્શનની ‘ભૂત બંગલા’ ને લઈને ચાહકો ખૂબ ઉત્સાહિત છે. પહેલા અક્ષય કુમાર અને પ્રિયદર્શનના લાંબા સમય બાદ થયેલા મેળાપે લોકોનું ધ્યાન ખેંચ્યું અને હવે તેની શાનદાર કાસ્ટ લોકોને આશ્ચર્યચકિત કરી રહી છે. લોકોનો ઉત્સાહ સતત વધતો જઈ રહ્યો છે. આ ફિલ્મ મોસ્ટ અવેટેડ હોરર કોમેડી ફિલ્મોમાંની એક છે અને આમાં જોવા માટે ઘણા રસપ્રદ પાસાઓ હશે. ફિલ્મની કાસ્ટ આને વધુ ખાસ બનાવવાની છે. પહેલા અક્ષય કુમાર અને પ્રિયદર્શનની જોડીને પરેશ રાવલનો સાથ મળ્યો. સેટથી સામે આવેલી ફોટો ખૂબ ચર્ચામાં રહી અને હવે આ ટીમને એક હસીનાનો સાથ મળી ગયો છે. હવે લાગી રહ્યું છે કે અક્ષય કુમારનું ભાગ્ય બદલાઈ જશે.૨૫ વર્ષ બાદ અક્ષય કુમાર અને તબ્બૂ એક સાથે મોડા પડદે નજર આવશે. હેરા ફેરી બાદ અક્ષય કુમાર અને તબ્બૂની આ પહેલી ફિલ્મ હશે. એક્ટ્રેસ, અક્ષય માટે એક વખત ફરી લેડી લક સાબિત થઈ શકે છે. બોલિવૂડના આ બે દિગ્ગજ જેમણે પોતાની શ્રેષ્ઠ અદાકારીથી દર્શકોના દિલોમાં સ્થાન બનાવ્યું છે. આટલા વર્ષો બાદ બંને ફરીથી એક સાથે નજર આવશે, જે દર્શકોની વચ્ચે એક ખાસ ઉત્સાહ પેદા કરી રહ્યું છે. અક્ષય અને તબ્બૂએ પહેલા પણ હેરાફેરી સિવાય તૂ ચોર મે સિપાહી જેવી ક્લાસિક ફિલ્મોમાં એક સાથે કામ કર્યું છે. આટલા વર્ષો બાદ તેમને ફરીથી એક સાથે જોવા ચાહકો માટે એક શ્રેષ્ઠ અનુભવ હશે. મેકર્સે પોતાના સોશિયલ મીડિયા પર એક તસવીર શેર કરી છે, જેમાં અક્ષય કુમાર અને તબ્બૂ જયપુરના સેટ પર એકબીજાને ગળે મળતાં નજર આવી રહ્યાં છે. આ તસવીર તેમની વચ્ચેની ખાસ મિત્રતા અને કેમેરા સામેની કેમેસ્ટ્રીને દર્શાવે છે. જે ચાહકોની વચ્ચે એક નવી ઉત્સુકતાનું કારણ બની રહી છે. તેણે આગળ કેપ્શનમાં લખ્યુ છે, ‘અમુક બાબતો સમયની સાથે સારી કરીને આઈકોનિક બની જાય છે.’ ફિલ્મનું શૂટિંગ જયપુરમાં થઈ રહ્યું છે.

# તૃપ્તિ ડિમરી અનુરાગ બાસુની આગામી ફિલ્મમાં જોવા મળશે?

## તૃપ્તિ ડીમરી છેલ્લે કાર્તિક આર્યન સાથે અનીસ બઝમીની હોરર કોમેડી ફિલ્મ ‘ભૂલ ભુલેયા ૩’માં જોવા મળી હતી



તૃપ્તિ ડીમરી છેલ્લે કાર્તિક આર્યન સાથે અનીસ બઝમીની હોરર કોમેડી ફિલ્મ ‘ભૂલ ભુલૈયા ૩’માં જોવા મળી હતી. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર સારું પ્રદર્શન કર્યું અને મોટી સફળતા મેળવી હતી. તૃપ્તિ ડિમરી બોલીવુડની જાણીતી એક્ટ્રેસ માંથી એક છે. તે પોતાની પ્રોફેશનલ લાઈફ સિવાય પોતાની પર્સનલ લાઈફ માટે પણ ચર્ચામાં રહે છે. તાજેતરમાં અભિનેત્રી અનુરાગ બાસુની ફિલ્મમાંથી બહાર નીકળી જવાને કારણે ચર્ચામાં હતી, જેની પાછળનું કારણ તેની બોલ્ડ ઈમેજ હતી. જો કે, હવે ફિલ્મ નિર્દેશક અનુરાગ બાસુ એ આ અફવાને વિરામ આપીને સત્યતા જણાવી છે. અહીં જાણો ડિરેક્ટરે શું કહ્યું?અનુરાગ બસુએ સત્ય કહ્યું ‘આ સાચું નથી, તેણે વધુમાં ઉમેર્યુ, “તૃપ્તિ ડિમરી પણ આ જાણે છે.” ફિલ્મ નિર્માતા ટૂંક સમયમાં કાર્તિક આર્યન સાથે બીજી રોમેન્ટિક ફિલ્મ શરૂ કરવા માટે તૈયાર છે અને તે આ મહિનાના અંતમાં અથવા ફેબ્રુઆરીમાં ફ્લોર પર જશે. ફિલ્મ માટે કાસ્ટિંગ હજુ ચાલુ છે. તૃપ્તિ ડીમરી છેલ્લે કાર્તિક આર્યન સાથે અનીસ બઝમીની હોરર કોમેડી ફિલ્મ ‘ભૂલ ભુલૈયા ૩’માં જોવા મળી હતી આ દરમિયાન તૃપ્તિ ડિમરી વિશાલ ભારદ્વાજની ‘અર્જુન ઉસ્તારા’ નો પ્રોજેક્ટ લીધો છે. જ્યારે પહેલા આ ફિલ્મમાં કાર્તિક આર્યન પણ જોવા મળશે, હવે તેનું નેતૃત્વ શાહિદ કપૂર કરી રહ્યા છે.તૃપ્તિ ડીમરી છેલ્લે કાર્તિક આર્યન સાથે અનીસ બઝમીની હોરર કોમેડી ફિલ્મ ‘ભૂલ ભુલૈયા ૩’માં જોવા મળી હતી. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર સારું પ્રદર્શન કર્યુ અને મોટી સફળતા મેળવી હતી.તૃપ્તિ ડીમરીની આગામી ફિલ્મોમાં રોમેન્ટિક ડ્રામા ‘ધડક ૨’ પણ સામેલ છે, જેમાં તે સિદ્ધાંત ચતુર્વેદી સાથે સ્ક્રીન શેર કરી રહી છે. તાજેતરમાં તૃપ્તિએ ફિલ્મ પર એક મોટું અપડેટ શેર કર્યું હતું, જેમાં જણાવાયું હતું કે શૂટિંગ લગભગ પૂર્ણ થઈ ગયું છે. તેણે તેને એક અલગ અને મોટો પ્રોજેક્ટ પણ ગણાવ્યો હતો. શાઝિયા ઈકબાલ દ્વારા નિર્દેશિત, ‘ધડક ૨’ ઝી સ્ટુડિયો, ધર્મા પ્રોડક્શન્સ અને ક્લાઉડ ૯ પિક્ચર્સ દ્વારા રજૂ કરવામાં આવી છે. ફિલ્મની રિલીઝ માટે કોઈ નવી તારીખ જાહેર કરવામાં આવી નથી.



# ઝાલોદ તાલુકા પંચાયતના ટી.ડી.ઓનું અરજી આપવા ગયેલ કાર્યકર્તાઓ સાથે પત્રકાર સામે જ દાદાગીરી કરતું વલણ જોવા મળ્યું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

ઝાલોદ તાલુકા પંચાયત ખાતે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ એક લેખિત આવેદનપત્ર આપવા માટે તાલુકા પંચાયત ઓફિસે પહોંચ્યા હતા. તાલુકા પંચાયત ટી.ડી.ઓ ની મંજૂરી મેળવી આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ તેમજ પત્રકાર ઓફિસની અંદર પ્રવેશ કર્યો હતો. ઓફિસની અંદર સહુ કાર્યકર્તાઓ ખુરશી પર બેઠા હતા તેનો વિડિયો લેતા ટી.ડી.ઓ લાલધુમ થઈ ગયેલ હતા તેમજ તેઓ સરમુખત્યારશાહી જેવું વલણ કરવા લાગ્યા હતા અને એક અધિકારી કક્ષાના અધિકારી ને ન શોભે તેવું વલણ શબ્દો દ્વારા તેઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સરકાર આજે અધિકારીઓ ને પ્રજાના મિત્ર સમજી દરેક અધિકારીઓને સાથે કામગીરી કરવા માટે માર્ગદર્શન આપે છે પણ અહીં જોતા તો એવું લાગ્યું હતું કે અહીંયા તો રાજાશાહી છે લોકશાહી નથી. એક અધિકારી વ્યક્તિ અરજી આપવા આવેલ વ્યક્તિઓ જોડે પત્રકાર સામે ઉગ્ર ભાષાનો ઉપયોગ કરી વાતો કરતા હોય તો એક-બે વ્યક્તિ કે સામાન્ય વ્યક્તિની રજૂઆતો ક્યાં સાંભળતા હશે. આવા અધિકારી જે પ્રજા સાથે ભળી કામગીરી ન કરી શકતા હોય તો આવા અધિકારીઓ ને સસ્પેન્ડ કરવામાં આવવા જોઈએ. આ સરકારી કચેરીમા બેસી રાજા જેવો ઠાઠ કરતા અધિકારીઓ ને પાઠ ભણાવવા સરકાર જાતે સ્ટીંગ ઓપરેશન કરી આ વિશે ખરાઈ કરી આવા અધિકારીને સસ્પેન્ડ કરે તેવું હાલ તો રજૂઆત કરવા આવેલ લોકોની માંગ છે...સરકારી તંત્ર હવે આવા આપખુદ શાહી ચલાવનાર અધિકારી પર પગલાં લેશે કે નહીં તે જોવું રહ્યું.

# મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉજવાશે દ્વિ-દિવસીય ઉત્તરાર્ધ ઉત્સવ ૨૦૨૫



। (માહિતી) ગાંધીનગર, તા.૧૭ ।

વિશ્વ પ્રસિદ્ધ ઐતિહાસિક મોઢેરા સૂર્યમંદિરના પ્રાંગણમાં ભવ્ય ઉત્તરાર્ધ મહોત્સવ- ૨૦૨૫નું તા.૧૮ અને ૧૯ જાન્યુઆરીના રોજ આયોજન કરવામાં આવશે. પ્રાચીન નગરી મોઢેરા ખાતે અદ્વિતિય સ્થાપત્ય કલા અર્ચના અને શાસ્ત્રીય નૃત્યનો નગર ઉત્સવ ઉજવવામાં આવતો હતો. આ વર્ષે ઉત્તરાર્ધ મહોત્સવમાં ભરત નાટયમ – ઓડીસી – કુચીપૂડી – મોહિની અટ્ટમ – કથ્થક- કથકલી - મણિપુરી – કથક અને સતરીયા જેવા શાસ્ત્રીય નૃત્યના વિશ્વવિખ્યાત કલાકારોની પ્રસ્તુતિ આ મહોત્સવમાં પ્રસ્તુત કરવામાં આવશે.

યાદીમાં વધુમાં જણાવાયું છે કે,ઉત્તરાયણના ઉત્સવ પછી સૂર્યની ઉત્તર તરફની ઉર્ધ્વગતિ એટલે કે સૂર્યના ધનુ અને મકર પ્રવેશના મધ્ય-અર્ધ સમયે જ્યારે શિયાળો અંત તરફ જઈ રહ્યો હોય અને દિવસ લાંબો-મોટો થવાની શરૂઆત થતી હોય તેવા 'અર્ધ' અવસરે શાસ્ત્રીય નૃત્યનો આ ઉત્સવ સૂર્યમંદિરમાં ઉત્તરાર્ધ ઉત્સવ તરીકે ઉજવવાની પરંપરા રહેલી છે. મોઢેરાનું સૂર્યમંદિર સૂર્ય અને ગ્રહોની સ્થિતિ તથા સૂર્યના પૃથ્વી ભ્રમણના આદિકાળના ઈજનેરી કૌશલ્યનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે તેના પરિણામે સૂર્યમંદિરના પરિસરમાં આ ઉત્સવ ઉજવાય છે.

ભારતીય શાસ્ત્રીય નૃત્યોની ભવ્ય-ગુરૂ શિષ્ય પરંપરાનો પરિચય લોકોમાં વ્યાપક બને તે હેતુથી આ ઉત્તરાર્ધ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ- ૧૯૯૨થી રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે આ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.ઉત્તરાર્ધ મહોત્સવના

દ્વિ-દિવસીય કાર્યક્રમમાં દેશભરના જુદા જુદા કલાક્ષેત્રના કલાકારો દ્વારા કાર્યક્રમ રજૂ કરવામાં આવશે તેમ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# ઝાલોદ આમ આદમી પાર્ટી દ્વારા મનરેગા શાખા, નાણાં પંચ અને ટ્રાયબલના વિકાસના કામોમાં ટકાવારી ચલાવતા હોવાના આક્ષેપ કરાયા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

ઝાલોદ આમ આદમી પાર્ટી દ્વારા ઝાલોદ તાલુકા પંચાયત ખાતે એક લેખિત આવેદનપત્ર આપતા ટી.ડી. ઓ ગઢવીને જાણ કરી હતી કે ઝાલોદ તાલુકાના હાલ મનરેગા શાખા, નાણાં પંચ, ટ્રાયબલના વિકાસના કામો માટે લાભાર્થીઓ અને સરપંચ પાસેથી નાણાં પંચના ગ્રાન્ટમા અલગ અલગ વિભાગના કામો માટે અમુક ચોક્કસ પ્રકારની અધિકારીઓ દ્વારા ટકાવારી લઈ કામોની મંજુરી આપવામાં અને બીલો મંજૂર કરવામાં આવે છે અને ગત વર્ષે મનરેગા શાખાના ઉચ્ચ અધિકારીઓને લાંચ રુસ્વતમા એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ઝાલોદમા ધરપકડ કરવામાં આવી હતી છતાં આજે ભ્રષ્ટાચારના નામે ઝાલોદ તાલુકો મોખરે જઈ રહેલો છે આવું લેખિત આવેદનપત્ર ઝાલોદ આમ આદમી પાર્ટીના પ્રમુખ અનિલ ગરાસીયા દ્વારા આપવામાં આવ્યું હતું અને લેખિતમા કહ્યું હતું કે આવા ટકાવારી લેતા અધિકારીઓ ને તાત્કાલિક રોકવામાં આવે અથવા તેમની બદલી કરવામાં આવે અને જો ટૂંકમાં આવા ટકાવારી લેતા અધિકારીઓ ને રોકવામાં નહીં આવે તો પુરાવા પણ આમ આદમી પાર્ટી આપવા તૈયાર છે તેવું લેખિત આપી આ વિષય પર ઠોસ પગલા લેવા માંગ કરી હતી.

# ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞમાં ૪૦૦ બહેનોને ગર્ભ પૂજન અને ૧૦૦ ભાઈ બહેનોને મંત્ર દીક્ષા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિ કુંજ હરિદ્વાર ના તત્વાવધાનમાં ઝાલોદ તાલુકા ગાયત્રી પરિવાર દ્વારા તારીખ ૧૫ જાન્યુઆરી થી તા.૧૮ જાન્યુઆરી દરમિયાન શક્તિ સંવર્ધન ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ લીમડી મુકામે સંપન્ન થયેલ છે. તારીખ ૧૫ જાન્યુઆરીએ બપોરના૧:૦૦ કલાકે ભવ્ય શોભાયાત્રા રણછો-ડરાય મંદિરથી નીકળી લીમડી ગામમાં પરિભ્રમણ કર્યુ.શોભાયાત્રામાં ઝાલોદ વિધાનસભાના સભ્ય શ્રી મહેશભાઈ ભુરીયા હાજર રહ્યા તેમજ શાંતિકુંજ હરિદ્વારની પ્રજ્ઞા ટોળીનું વસ્ત્રોથી સ્વાગત તેમજ તેઓ દ્વારા મંગલ આરતી સંપન્ન કરવામાં આવેલ છે. બીજા દિવસ દેવ પૂજન, ગાયત્રી મહાયજ્ઞમાં લોક કલ્યાણ, રાષ્ટ્ર કલ્યાણ હેતુ ગાયત્રી મંત્રની સાથે વિશેષ આહુંત્તિઓ આપવામાં આવેલ છે. યુવા સંમેલનમાં યુવા ભાઈ બહેનોને સ્વાવલંબી બનવું પર્યાવરણનું જતન કરવું જળ સંરક્ષણ વિશે માર્ગદર્શન આપવામાં આવેલ છે. કાર્યકર્તાઓની ગોષ્ઠી દરમિયાન ઝાલોદ તાલુકાના તમામ ગામોમાં પ્રજ્ઞા મંડળો બનાવવા અંગેનું વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ છે .દરેક કાર્યકર્તાઓને બે ગામો ની જવાબદારી સ્વીકારવા અપીલ કરવામાં આવેલ છે.

# રૂ.૧.૫૦ કરોડના ખર્ચે વિસ્તૃતિકરણ કરવામાં આવેલા બારડોલી વિશ્રામગૃહનું લોકાર્પણ કરતા ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર




। (માહિતી) સુરત, તા.૧૭ ।

રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા બારડોલી ખાતે રૂા.૧.૫૦ કરોડના ખર્ચે વિસ્તૃતિકરણ થયેલા વિશ્રામગૃહનું લોકાર્પણ ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભાવિનીબેન પટેલની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતું કે, બારડોલીમાં વર્ષોથી જૂના વિશ્રામગૃહની બાજુમાં વિસ્તૃતિકરણ કરીને નવું બિલ્ડિંગ નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં આધુનિક સુવિધાઓ સાથે સ્વીટ રૂમ અને વીવીઆઈપી રૂમ તૈયાર કરવામાં આવ્યા છે. રૂ.૧ કરોડનો ખર્ચે વિશ્રામગૃહનું બાંધકામ અને રૂ. ૫૦ લાખનો ખર્ચ ફર્નિચર એમ કુલ ૧.૫૦ કરોડના ખર્ચે વિશ્રામગૃહ તૈયાર કરવામાં આવ્યું છે. જેનાથી બહારથી આવતા પદાધિકારીઓ, અધિકારીઓને લાભ થશે. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ ધર્મેશભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી જમનાબેન રાઠોડ, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભાવેશભાઈ પટેલ, પ્રાંત અધિકારીશ્રીમતી જીગ્નાબેન પરમાર, મામતલતદાર દિનેશભાઈ, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ભુપેશ ચૌધરી, નગરપાલિકાના કોર્પોરેટરશ્રીઓ, માર્ગ મકાન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સહિત પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મહુવા તાલુકાના વલવાડા ગામે રૂ.૧.૨૭ કરોડના ખર્ચે નિર્માણ પામનાર આયુષ્માન આરોગ્ય મંદિરના નવા મકાનનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા



। (માહિતી) સુરત, તા.૧૭ ।

તાલુકા આરોગ્ય કચેરી-મહુવા દ્વારા મહુવા તાલુકાના વલવાડા ગામે રૂ.૧.૨૭ કરોડના ખર્ચે નિર્માણ પામનાર આયુષ્માન આરોગ્ય મંદિર (પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર)ના નવા મકાનનું ખાતમુહૂર્ત ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રા. આરોગ્ય કેન્દ્ર સાકાર થયા બાદ વલવાડા અને આસપાસના ગામોના નાગરિકોને આરોગ્યની ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ પ્રસંગે જિ.પં.ની આરોગ્ય સમિતિના અધ્યક્ષ રોશનભાઈ પટેલ, તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યો, આરોગ્યકર્મીઓ, સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વન અને પર્યાવરણ રાજયમંત્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વન વિભાગના અધિકારીઓની કામગીરી અંગે સમીક્ષા બેઠક યોજાઈ



। (માહિતી) સુરત, તા.૧૭ ।

વન અને પર્યાવરણ રાજયમંત્રીશ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મધ્ય અને દક્ષિણ ગુજરાત વનવિભાગના ઉચ્ચ અધિકારીઓની કામગીરી અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી. અડાજણ ખાતે આવેલી વન વિભાગની કચેરીમાં આયોજીત બેઠકમાં વનવિભાગ દ્વારા અનામતકક્ષાના સાંગ, ખેર જેવા વૃક્ષો જે રેવન્યુ વિસ્તારમાં આવેલા છે જેના કટિંગ માટે ખેડુતો દ્વારા પરવાનગી મેળવવા માટે થતા વિલંબમાં ઘટાડો કરી શકાય તે માટે મનોમંથન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત સાગ, ખેર જેવા અનામત વૃક્ષો માટે ખેડુતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે લાકડાની એમ.એસ.પી. નક્કી કરવા અંગેની પોલીસી બનાવીને વનવિભાગ દ્વારા જ તેની ખરીદી કરવા ગહન ચર્ચા કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ કહ્યું કે, રેવન્યુ વિસ્તારમાં ખેડુતોની માલિકીના વૃક્ષો અંગે એમ.એસ.પી. નક્કી થશે તો તેઓને પોષણક્ષમ ભાવો મળી રહેશે. જો ખેડુતોને પોતાના વૃક્ષોના સારા ભાવો મળશે તો તસ્કરી જેવી પ્રવૃત્તિઓ પર પણ રોક આવશે. આ તકે મંત્રીશ્રીએ તાજેતરમાં માંડવી ખાતે ખેરના લાકડાની તસ્કરી અંગેનું આંતરરાજય રેકેટ પકડી પાડવાનું કાર્ય વન વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું જે બદલ ઉત્કૃષ્ઠ કામગીરી કરનારા અધિકારી-કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા. એક પેડ મા કે નામ જેવા અભિયાનોમાં વન વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરી અંગે મંત્રીશ્રીએ માહિતી મેળવી હતી.

# વલસાડ જિલ્લા કલેક્ટરશ્રી નૈમેષ દવેના અધ્યક્ષસ્થાને ધરમપુરમાં "ENJOY THE EXAM" કાર્યક્રમ યોજાયો

। (માહિતી) સુરત, તા.૧૭ ।

ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ આગામી ફેબ્રુઆરી- માર્ચ ૨૦૨૫ની બોર્ડ પરીક્ષા તણાવ અનુભવ્યા વિના આનંદપૂર્વક પરીક્ષા આપી શકે તેવા આશય સાથે વલસાડ જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કલેકટરશ્રી નૈમેષ દવેના અધ્યક્ષસ્થાને ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ મોહનગઢ ખાતે જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ધો. ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે "ENJOY THE EXAM" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રી નૈમેષ દવેએ વિદ્યાર્થીઓને પરિશ્રમનું મહત્વ સમજાવ્યું અને સતત પ્રયત્નશીલ રહેવા માટે પ્રેરિત કર્યા હતા. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડૉ. કરનરાજ વાઘેલાએ વિદ્યાર્થીઓને વધુને વધુ અભ્યાસ કરવા માટે પ્રોત્સાહિત કર્યા અને દરેક વિદ્યાર્થીએ ઓછામાં ઓછું ગ્રેજ્યુએશન સુધીનો અભ્યાસ કરવો જોઈએ તેવું ભારપૂર્વક જણાવ્યું હતું. "ENJOY THE EXAM" કાર્યક્રમમાં ધરમપુરની આજુબાજુની શાળાઓના ધોરણ ૧૦ અને ૧૨ના ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને જિલ્લાની તમામ શાળાઓના આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર જિલ્લાની તમામ શાળાઓના ૪૦૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ યુટ્યુબ લાઈવના માધ્યમથી જોડાયા હતા. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત ગોધરાની નવા નદિસર પ્રાથમિક શાળાના આચાર્યશ્રી રાકેશભાઈ પટેલે શરીર અને લાગણી વચ્ચેના સંબંધ અને અભ્યાસ માટે મગજની ભૂમિકા વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે પરીક્ષા દરમિયાન ખોરાક, કસરત અને ઊંઘના મહત્વ પર ભાર મૂક્યો હતો.

# ઉમરગામના ખેડૂતોએ અંકલાસના જંગલ મોડેલ ફાર્મની મુલાકાત લીધી




। (માહિતી) સુરત, તા.૧૭ ।

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં આત્મા પ્રોજેક્ટ દ્વારા ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડના નેજા હેઠળ સરીગામ, તુંબ, નગવાસ, નંદીગ્રામ અને ઝરોલી ગામના ૧૫૦ થી વધુ ખેડૂતોએ જિલ્લાની અંદર પ્રેરણા પ્રવાસ અંતર્ગત અંકલાસ ગામના પ્રગતિશીલ ખેડૂત હસમુખભાઈ મોહનભાઈ પટેલના જંગલ મોડેલ ફાર્મની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તાલુકાના બીટીએમ તુષારભાઈ ગામીત હાજર રહ્યા હતા. તમામ ખેડૂતોને ફાર્મર માસ્ટર ટ્રેનર હસમુખભાઈ દ્વારા પ્રાકૃતિક ખેતીના પોતાના અનુભવો અને તેનાથી થતા લાભો વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. કોઈપણ અંતિમ નિર્ણય લેતા પૂર્વે તમારા પરિવારના સભ્યોનો અભિપ્રાય લો. તમારા દ્વારા એકલપંડે લેવાયેલો નિર્ણય કોઈક સમસ્યા ઊભી કરી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. ઑફિસના કામમાં તમારી વધારે પડતી વ્યસ્તતાને કારણે તમારા જીવનસાથી સાથેના સંબંધો વણસી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દ્રઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારૂં પ્રેમ જીવન આયુષ્યભરના બંધનમાં પરિણમશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. સંબંધીઓ તમારી માટે અણધારી ભેટ લાવશે સાથે જ તેમની પાસેથી કોઈક મદદની પણ અપેક્ષા રાખજો. તમારા પ્રેમને કોઈ અલગ નહીં કરી શકે. તમે જે હંમેશાં કરવા માગતા હતા.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. નવજાત શિશુની માંદગી તમને વ્યસ્ત રાખશે. તમારે તેના પર તરત ધ્યાન આપવાની જરૂર પડશે. યોગ્ય સલાહ લેજો કેમ કે તમારી બાજુએ જરાક પણ બેદરકારી સમસ્યાને વકરાવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે લાગણીની દ્રષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. જીવનસાથી તથા સંતાનો વધારાનો પ્રેમ અને સાર-સંભાળ આપશે. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે, પણ અંગત તથા ગોપનીય હોય એવી માહિતી છતી ન કરતા.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. પારિવારિક જવાબદારીઓ ભૂલશો નહીં.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. બહુ અગાઉથી ઘડેલી મુસાફરીની યોજના પરિવારમાં કોઈકની માંદગીને કારણે મુલત્વી રહેવાની શક્યતા. પ્રવાસને કારણે રૉમેન્ટિક સંબંધોને વંગ મળશે. તમને લાભ થવાની શક્યતા છે.

# ૭૬મા ગણતંત્ર દિવસે, દરેક પોસ્ટ ઓફિસમાં રાષ્ટ્ર દવજ ફરકાવવાની સાથે, 'ડાક ચોપાલ'નું પણ કરવામાં આવશે આયોજન : પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ

## 'સરકારી સેવાઓ તમારા દ્વારે' હેઠળ ડાક ચોપાલ ખાતે નાગરિક-કેન્દ્રિત સેવાઓ થશે ઉપલબ્ધ : પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ

| અમદાવાદ, તા.૧૭ |

ભારતીય ડાક વિભાગ દ્વારા ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ ગુજરાત પરિમંડલમાં ૭૬મા ગણતંત્ર દિવસ નિમિત્તે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે, જેમાં દરેક પોસ્ટ ઓફિસમાં રાષ્ટ્ર દવજ ફરકાવવાની સાથે 'ડાક ચોપાલ'નું પણ આયોજન કરવામાં આવશે. અમદાવાદના ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ પહેલનો ઉદ્દેશ્ય સમાજના છેવાડાના વર્ગ સુધી આવશ્યક સરકારી અને નાગરિક-કેન્દ્રિત સેવાઓ પહોંચાડવાનો છે, જેનો લાભ ગુજરાતના લોકો અને તમામ લાભાર્થીઓને મળશે. કેન્દ્રીય સેવાઓની સાથે, રાજ્ય કક્ષાની વિવિધ સામાજિક અને કલ્યાણકારી યોજનાઓનો લાભ પણ એક છત નીચે મળી શકશે. 'સરકારી સેવાઓ તમારા દ્વારે' હેઠળ, નાણાકીય સેવાઓ, વીમા, પેમેન્ટ બેંક સેવાઓ, ડીબીટી, ઈ-કોમર્સ અને નિકાસ સેવાઓ સહિત તમામ નાગરિક-કેન્દ્રિત સેવાઓ વિશે જાગૃતિ ફેલાવીને લોકોને લાભ આપવામાં આવશે.






પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે પોસ્ટ ઓફિસો હવે ફક્ત પરંપરાગત ડાક સેવાઓ પૂરી પાડવા પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણમાં એક મહત્વ પૂર્ણ કડી પણ બની ગઈ છે. ડાક વિભાગે તેના કાર્યોનો વિસ્તાર કર્યો છે અને ડિજિટલ માધ્યમો દ્વારા તેની સેવાઓને વધુ સુલભ બનાવી છે. આવી સ્થિતિમાં, ગણતંત્ર દિવસના શુભ અવસર પર, સમાજના છેવાડાના વ્યક્તિ સુધી ડિજિટલ ઈન્ડિયા, નાણાકીય સમાવેશ અને અંત્યોદયની સંકલ્પના સાથે જોડવા માટે ગુજરાતના વિવિધ સ્થળોએ ડાક ચોપાલનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમ નાગરિકોને સરકારી યોજનાઓ સાથે સીધા જોડવાનો એક અસરકારક માર્ગ સાબિત થશે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે બદલાતા વાતાવરણમાં ડાક સેવાઓની બદલાતી ભૂમિકા પર પ્રકાશ પાડતા જણાવ્યું કે પત્રો અને પાર્સલ ઉપરાંત, ડાક વિભાગ બચત બેંક, પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સ, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, પાસપોર્ટ સેવા કેન્દ્ર, આધાર નોંધણી અને અપડેટ, કોમન સર્વિસ સેન્ટર, ડાકઘર નિર્યાત કેન્દ્ર જેવા ઘણા જનમુખી કાર્યો કરવામાં આવી રહ્યા છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા, પોસ્ટમેન આજે મોબાઈલ બેંક તરીકે કાર્ય કરી રહ્યા છે. CELC હેઠળ, ઘરે બેઠા બાળકો માટે આધાર કાર્ડ બનાવવું, મોબાઈલ અપડેટ, ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ, DBT, બિલ ચુકવણી, AEPS દ્વારા બેંક ખાતામાંથી ચુકવણી, વાહન વીમો, આરોગ્ય વીમો, અકસ્માત વીમો, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના વગેરે જેવી વિવિધ સેવાઓનો ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા પોસ્ટમેનના માધ્યમથી ઘરે બેઠા પૂરી પાડવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાત પોસ્ટલ સર્કલ હેઠળ કુલ ૮,૮૮૮ પોસ્ટ ઓફિસનો સમાવેશ થાય છે. તેમાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદ માં ૨,૨૬૨ પોસ્ટ ઓફીસો, દક્ષિણ ગુજરાત પરિક્ષેત્ર, વડોદરા માં ૩,૬૨૯ પોસ્ટ ઓફિસો અને સૌરાષ્ટ્ર-કચ્છ પરિક્ષેત્ર, રાજકોટ માં ૨,૯૯૭ પોસ્ટ ઓફિસો આવેલી છે. ડાક ચોપાલ દ્વારા આટલા વ્યાપક સ્તરે, લોકો સરકારી યોજનાઓ સાથે સીધા જોડાઈ શકશે અને તેમની જરૂરિયાતો મુજબ માહિતી મેળવી શકશે.

## સીબીઆઈ કોર્ટે આરોપીઓને સખત કેદ અને ૧૭.૨ લાખનો દંડ ફટકાર્યો

| (એજન્સી) અમદાવાદ, તા.૧૭ |

CBI કેસોના વિશેષ ન્યાયાધીશે અમદાવાદની કોર્ટમાં છેતરપિંડીવાળા વીમા દાવાના મામલે ૨ વ્યક્તિઓ SRJ એસોસિએટ્સ મેસર્સ માર્ક્સ કેમિકલ અને મેસર્સ SRJ એસોસિએટ્સના ભાગીદારના પાર્ટનર હસન અબુ સોની અને અને સર્વેયર/લોસ મૂલ્યાનંકાર સંજય રમેશ ચિત્રેને કુલ રૂ. ૧૭.૨ લાખના દંડની સાથે પાંચ વર્ષની સખત કેદ (આરઆઈ)ની સજા ફટકારવામાં આવી છે. સીબીઆઈએ ૩૦-૦૧-૨૦૦૩ના રોજ ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડ (NIACL), ડિવિઝનલ ઓફિસ, નવસારીના તત્કાલીન સિનિયર ડિવિઝનલ મેનેજર, ઉપરોક્ત દોષિત વ્યક્તિઓ અને અન્ય લોકો સામે કેસ નોંધ્યો હતો. એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે આરોપી તત્કાલીન સિનિયર ડિવિઝનલ મેનેજરે ગુનાહિત કાવતરું ઘડ્યું હતું અને ખાનગી વ્યક્તિઓ/આરોપીઓ સાથે મળીને બનાવટી દસ્તાવેજોના આધારે વીમા દાવા મંજૂર કર્યા હતા, જેના કારણે ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડને બે પોલિસીમાં રૂ. ૪,૪૧,૧૪૫ અને રૂ. ૪,૯૪,૭૧૨નું નુકસાન થયું હતું. તપાસ પૂર્ણ થયા પછી સીબીઆઈએ દોષિત આરોપીઓ સહિત અન્ય લોકો સામે ૨૪.૦૬.૨૦૦૫ના રોજ ચાર્જશીટ દાખલ કરી હતી.

## છાપી ગામના મહિલા સરપંચના પતિ વતી વચેટીયો લાંચ લેતો ઝડપાયો

| (એજન્સી) બનાસકાંઠા, તા.૧૭ |

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના છાપી ગ્રામ પંચાયતના સરપંચના પતિ મુકેશ ચૌધરી અને બોર ઓપરેટર પ્રવીણ ઠાકોરે ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (GIDC) પ્લોટ કેસમાં હાઈકોર્ટની પિટિશન પાછી ખેંચવા માટે ૫૦ લાખની લાંચની માંગણી કરી હતી. જેની સામે ફરિયાદીએ એન્ટી કરપ્શન બ્યુરો (ACB)નો સંપર્ક કરતા એસીબીએ છટકું ગોઠવ્યું હતું. ફરિયાદીની જ્યોતિનગર સ્થિત સુકુનવિલા સાઈટની ઓફિસમાં બોર ઓપરેટર પ્રવીણ ઠાકોર ૧૫ લાખની લાંચ લેતા રંગેહાથ પકડાયો હતો. જ્યારે સરપંચ પતિ મુકેશ ચૌધરીને ઓફિસ બહાર તેની કારમાંથી ઝડપી લેવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, બનાસકાંઠા જિલ્લામાં એ છાપી GIDCમાં પ્લોટની માલિકી પરત આપવા માટે ૩૫ લાખની લાંચ માંગવાના કેસમાં સરપંચના પતિ સહિત બે વ્યક્તિઓને ઝડપી લીધા છે. ACB કેસની વિગતો મુજબ, ૨૦૧૯માં છાપી GIDCમાં ટીડીઓ દ્વારા જાહેર હરાજીથી ૨૭ પ્લોટ આપવામાં આવ્યા હતા. દરમિયાન પાછળથી કેટલીક અરજીઓને પગલે ડીડીઓ બનાસકાંઠાએ હરાજી રદ કરી હતી.

### રાજ્યમાં સૌથી ઓછું તાપમાન અમરેલીમા નોંધાયું

# રાજ્યમાં ફરીથી ઠંડીનો ચમકારો, નલિયા નહીં આ શહેર બન્યું ઠંડુગાર

## અમરેલી આજે લઘુત્તમ તાપમાન ૮.૨ ડિગ્રી નોંધાયું, નલિયામાં ૦૯.૬ ડિગ્રી તાપમાન નોંધવામાં આવ્યુ હતું

| (એજન્સી) અમદાવાદ, તા.૧૭ |

જાન્યુઆરી મહિનો ફરી એકવાર ઠંડો સાબિત થવાનો છે. હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાંતોના મતે આ વર્ષે શિયાળો લાંબો ચાલવાનો છે. આજે ફરી એકવાર રાજ્યમાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે. આજે પાંચ શહેરોના તાપમાનનો પારો ૧૦ ડિગ્રી કરતાં નીચો રહ્યો છે. આજે રાજ્યમાં સૌથી ઓછું તાપ માન નલિયામાં નહીં પરંતુ અમરેલીમાં નોંધાયુ છે. અમરેલી આજે ૦૮.૨ ડિગ્રી સાથે ઠંડુગાર શહેર બન્યુ છે.



રાજ્યમાં ઠંડીનો ચમકારો ફરી એકવાર જોવા મળ્યો છે. રાજ્યમાં આજે સૌથી ઓછું તાપમાન અમરેલીમા નોંધાયુ છે. આજે પાંચ શહેરોમાં તાપમાન ૧૦ ડિગ્રી કરતા નીચું નોંધાયું છે.

ખાસ વાત છે કે, આજે રાજ્યમાં સૌથી ઠંડુ શહેર નલિયા નહીં પરંતુ અમરેલી બન્યુ છે. અમરેલી આજે લઘુત્તમ તાપમાન ૮.૨ ડિગ્રી નોંધાયુ છે. જ્યારે નલિયામાં ૦૯.૬ ડિગ્રી તાપમાન નોંધવામાં આવ્યુ હતું. આ વખતે શિયાળો લાંબો ચાલશે, માવઠુ થવાની સાથે સાથે કેટલાક વિસ્તારોમાં ઝાકળ પડવાની આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને, પવનોની દિશા બદલાતા ગુજરાતના હવામાનમાં જોરદાર પલટો આવી શકે છે.

તાજા અપડેટ પ્રમાણે, રાજ્યમાં ઠંડીનો ચમકારા વિશે વાત કરીએ તો રાજ્યનું સૌથી ઓછું તાપમાન અમરેલી ૦૮.૨ ડિગ્રી નોંધાયુ છે. જ્યારે નલિયામાં ૦૯.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

- અમદાવાદમાં ૧૨.૨ ડિગ્રી તાપમાન, ગાંધીનગરમાં ૧૧.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ છે.
- ડીસા ૧૧.૫ ડિગ્રી તાપમાન, વલ્લભ વિદ્યાનગર ૧૪.૫ ડિગ્રી તાપમાન નોંધાયુ છે
- વડોદરા ૧૭.૨ ડિગ્રી તાપમાન, સુરત ૧૬.૩ ડિગ્રી તાપમાન નોંધાયુ છે
- ભુજ ૧૧.૨ ડિગ્રી તાપમાન, કંડલા ૦૯.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ છે
- દ્વારકા ૧૫.૭ ડિગ્રી તાપમાન, ઓખા ૧૯.૩ ડિગ્રી તાપમાન નોંધાયુ છે
- પોરબંદર ૧૦.૮ ડિગ્રી તાપમાન, વેરાવળ ૧૪.૩ ડિગ્રી તાપમાન નોંધાયુ છે
- રાજકોટ ૦૯.૪ ડિગ્રી તાપમાન, સુરેન્દ્રનગર ૧૧.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ છે
- મહુવા ૧૪.૩ ડિગ્રી તાપમાન, કેશોદ ૦૯.૬ ડિગ્રી તાપમાન, ભાવનગર ૧૩.૭ ડિગ્રી તાપમાન નોંધાયુ છે.

હવામાન નિષ્ણાતના મતે, આગામી ૧૯ તારીખથી પવનમાં સામાન્ય રાહત મળશે. ૧૯ તારીખથી પવનની દિશામાં પણ બદલાવ આવશે. અત્યારે ઉત્તર અને ઉત્તર પૂર્વના પવનો છે. જેની જગ્યાએ ઉત્તર-પશ્ચિમના પવનો થઈ શકે છે. જેના કારણે ૧૮ તારીખથી દરિયાકાંઠાના વિસ્તારોમાં ત્રણ દિવસ ઝાકળનો હળવો રાઉન્ડ આવી શકે છે. આ સાથે જ ૧૮-૧૯ તારીખે ગુજરાતના કેટલાક ભાગોમાં વાદળછાયું વાતાવરણ રહેવાનું છે. જોકે, માવઠું થઈ જાય તેવી શક્યતાઓ હાલ પૂરતી દેખાતી નથી. દક્ષિણ ગુજરાતના ભાગો, ઉત્તર ગુજરાતના અમુક ભાગોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળશે. જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં છૂટાછવાયા વાદળો હશે.

### ઉતરાયણના દિવસે કોઈ કારણસર પતિ પત્ની વચ્ચે ઝઘડો થયો હતો

## વડોદરા નજીક આસોજ ગામની સીમમાં પતિએ પત્નીની કરી હત્યા

| (એજન્સી) વડોદરા, તા.૧૭ |

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના આસોજ ગામની સીમમાં ખેતરમાં રહેતા અને ખેત મજૂરી કરતા પતિએ પત્નીના માથામાં લાકડીનો ફટકો મારી મોતને ઘાટ ઉતારી દીધી હતી. સામાન્ય ઝઘડામાં બનેલા હત્યાના આ બનાવ અંગે મંજુસર પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને કાર્યવાહી હાથ ધરી છે. મળેલી માહિતી પ્રમાણે સાવલી તાલુકાના આસોજ ગામમાં મનુભાઈ સોમાભાઈ પટેલનું ખેતર આવેલું છે. આ ખેતરમાં પંચમહાલ જિલ્લાના જાંબુડી ગામનો વતની વિક્રમ છેલ્લા કેટલાક સમયથી તેની પત્ની સાથે રહેતો હતો અને ખેત મજૂરી કરતો હતો. ઉતરાયણના દિવસે કોઈ કારણસર પતિ પત્ની વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં રોષે ભરાયેલા પતિ વિક્રમે પત્નીના માથામાં વાસના લાકડીનો ફટકો મારી મોતને ઘાટ ઉતારી ફરાર થઈ ગયો હતો.

## પોર્ટર એપ્લિકેશન દ્વારા શહેરમાં દારૂ મગાવાયો

| (એજન્સી) અમદાવાદ, તા.૧૭ |

કોઈ પણ વસ્તુ કે સામાન કોઈપણ સ્થળેથી અન્ય સ્થળે પહોંચાડવા માટે પોર્ટલ એપ્લીકેશન સેવા કાર્યરત છે. ત્યારે જ આ એપ્લીકેશનનો દુરુપયોગ કરી કુબેરનગરના બુટલગરે બે વાહનોમાં પીપળજથી દારૂની ૪૬ બોટલ મંગાવી હતી. જોકે ક્રાઈમબ્રાંચે આ દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. જ્યારે દારૂ મંગાવનાર હની સિંધીને વોન્ટેડ જાહેર કરીને વધુ તપાસ શરૂ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરમાં જુદી જુદી મોડેસ એપરેન્ડીથી દારૂની ડીલીવરી કરવામાં આવી રહી છે. જે અંગે તપાસ ચાલી રહી છે. અમદાવાદ ક્રાઈમબ્રાંચના આર.એલ.ઓડેદરાની ટીમ પેટ્રોલીંગમાં હતી. ત્યારેજ તેમને બાતમી મળી હતી કે પોર્ટર એપ્લીકેશન પર કામ કરતા બે લોડીંગ વાહનોમાં દારૂ મંગાવવામાં આવ્યો છે. આ બન્ને વાહનો હાલ કુબેરનગર સ્થિત આંબાવાડી પાસે પહોંચ્યા છે.

### ત્રણ વ્યકિતઓ ઘાયલ થયા

## સુરત ડાયમંડ બુર્સ પાસે કાર પલ્ટી ખાતા એક વિદ્યાર્થીનીનું મોત

### મિત્રો ભેગા મળી કારમાં જતી વખતે સચિન-મગદલ્લા હાઈવે ઉપર કાર ઊંધી વળી જતાં જીવલેણ અકસ્માત સર્જાયો

| (એજન્સી) સુરત, તા.૧૭ |

સુરતમાં ગુરુવારે સાંજે જીવલેણ અકસ્માત સર્જાયો હતો. સુરત ડાયમંડ બુર્સ નજીક સચિન મગદલ્લા હાઈવે ઉપર એક કાર પલટી મારી ગઈ હતી. કારમાં સવાર એક વિદ્યાર્થિનીનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય ૩ વિદ્યાર્થી ગંભીર રીતે ઘાયલ હોઈ તેમને નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ દોડી ગયા હતા. અલથાણ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. અકસ્માતની પ્રાથમિક માહિતી અનુસાર, શહેરના છેવાડે સચિન મગદલ્લા હાઈવે ઉપર ડાયમંડ બુર્સ નજીકથી પસાર થતી વિદ્યાર્થીઓની એક કાર પલટી મારી ગઈ હતી. અકસ્માતને પગલે સ્થાનિકોની ભીડ ભેગી થઈ હતી. ચાર મિત્રો હ્યુન્ડાઈ ક્રેટા કારમાં એક સાથે ડ્રાઈવ કરવા નીકળ્યા હતાં ત્યારે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ૧૭ વર્ષની દિશા જૈન નામની એક વિદ્યાર્થીનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યુ હતું. અન્ય ત્રણ વિદ્યાર્થીઓને પણ ગંભીર ઈજા થતાં તેમને સારવાર અર્થે હાજર લોકોએ હોસ્પિટલ ખસેડવામાં મદદ કરી હતી.આ ઘટનાની જાણ થતાં ACP, DCP કક્ષાનાં અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસે વિદ્યાર્થિનીનાં મૃતદેહને પીએમ અર્થે મોકલીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. કાર કેવી રીતે પલટી મારી? અકસ્માત પાછળનું મૂળ કારણ શું છે? આ હકીકત જાણવા પોલીસે પૂછપરછ હાથ ધરી છે. મૃતક વિદ્યાર્થિની દિશા જૈન ઉધનાની સમિતિ સ્કૂલમાં અભ્યાસ કરતી હતી. ઈજાગ્રસ્તોમાં અગ્રવાલ વિદ્યા વિહારનો ૧૬ વર્ષીય શૌર્ય શર્મા, ભગવાન મહાવીર કોલેજમાં ભણતો ૮ વર્ષીય રાહુલ ચૌધરી કાર ચલાવતો હતો. ચોથો વિદ્યાર્થી દિલ્હી પબ્લિક સ્કૂલનો ૧૭ વર્ષીય સાહિલ બાવા (સાહેદ) સામેલ છે. અલથાણ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વડાપ્રધાનશ્રીના "હોલિસ્ટિક અને અફોર્ડેબલ હેલ્થકેર ફોર ઓલ"ની સંકલ્પ પૂર્તિ માટે ગુજરાત સંકલ્પબધ્ધ : ઋષિકેશ પટેલ



| અમદાવાદ, તા.૧૭ |

અમદાવાદ સિવિલ મેડિસીટીની યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે 'ગ્લોબલ હેલ્થ - ટ્રાન્સફોર્મિંગ લાઈવ્સ બિયોન્ડ હોરાઈઝન્સ' વિષય પર આયોજિત કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના "હોલિસ્ટિક અને અફોર્ડેબલ હેલ્થકેર ફોર ઓલ" ની સંકલ્પ પૂર્તિ માટે ગુજરાત સંકલ્પબધ્ધ છે.

'ગ્લોબલ હેલ્થ - ટ્રાન્સફોર્મિંગ લાઈવ્સ બિયોન્ડ હોરાઈઝન્સ'ના પ્લેટફોર્મ થકી આજે દેશ અને વિશ્વના વિવિધ પબ્લિક તેમજ કોર્પોરેટ હોસ્પિટલના એમ્બેસેડર તેમજ ફોરેન ડેલિગેટ્સ એક મંચ પર ઉપસ્થિત થયા છે ત્યારે આરોગ્ય ક્ષેત્રને લઈને થયેલી ચર્ચા નવીન ઉકેલોનો માર્ગ સરળ બનાવશે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

ભારત અને ગુજરાતના મેડિકલ ટુરિઝમ અંગે વાત કરતા આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે કહ્યું કે, આજે ભારત અને એમાંય ગુજરાત રાજ્ય ઝડપથી મેડિકલ ટુરિઝમના કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે. વર્ષ ૨૦૨૨માં ભારતનો મેડિકલ ટુરિઝમ ક્ષેત્ર $9 બિલિયનનો હોવાનો અંદાજ હતો, જેમાં દર વર્ષે ૭૮ દેશોમાંથી આશરે ૨૦ લાખ દર્દીઓ તબીબી, સુખાકારી અને IVF સારવાર માટે ભારતમાં આવ્યા છે. આ ઉપરાંત ગુજરાત અને એમાંય ખાસ કરીને અમદાવાદ મેડિકલ ટુરિઝમ માટે એક કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે, જે સસ્તા દરે ગુણવત્તાયુક્ત તબીબી સારવાર પ્રદાન કરે છે.

આ સંદર્ભમાં તેમણે વધુમાં કહ્યું કે, ભારતમાં મોટાભાગના તબીબી પ્રવાસીઓ દક્ષિણપૂર્વ એશિયા, મધ્ય પૂર્વ, આફ્રિકા અને સાર્ક પ્રદેશમાંથી આવે છે. આ ઉપરાંત અમેરિકા, આફ્રિકા અને યુકેના દર્દીઓ તબીબી સારવાર માટે ભારત આવે છે, જેમાં હૃદય રોગ, ઓર્થોપેડિક રોગો અને જઠરાંત્રિય રોગોનો સમાવેશ થાય છે. ગુજરાતના મેડિકલ ટુરીઝમ અંગે વાત કરતા આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, ગુજરાતનો મેડિકલ ટુરીઝમ ઉદ્યોગ વાર્ષિક ૩૦ ટકાના દરે વિકાસ પામી રહ્યો છે. એટલું જ નહી, ગુજરાત રાજ્ય ભારતના મેડિકલ ટુરીઝમ ક્ષેત્રમાં ૨૫-૩૧ ટકા યોગદાન આપે છે. તેમણે વધુમાં કહ્યું કે, અત્યાધુનિક હોસ્પિટલો, અદ્યતન ટેકનોલોજી અને હાઈલી સ્કીલ મેડિકલ પ્રોફેશનલ્સને કારણે ગુણવત્તા યુક્ત તબીબી સારવાર મેળવવા માંગતા લોકો માટે ગુજરાત એક એટ્રેકટીવ ડેસ્ટિનેશન બન્યુ છે. એટલુ જ નહીં, ગુજરાતની ઘણી હોસ્પિટલો નોન - રેસીડેન્ટ ગુજરાતીઓ (NRG) અને આંતરરાષ્ટ્રીય દર્દીઓને સેવા આપવાનો વ્યાપક અનુભવ ધરાવે છે. આમ, રાજયની ઘણી હોસ્પિટલોએ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય અને વૈશ્વિક માન્યતાઓ મેળવી છે. આ તકે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે ગુજરાતના હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સેવાઓને ગુણવત્તાયુક્ત અને વર્લ્ડ ક્લાસ બનાવી NABH (National Accreditation Board For Hospital And Healthcare Providers) અને JCI(Joint Commission international) ના એક્રિડેશન માટેની નેમ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરના ડાયરેક્ટર શ્રી ચિરાગ દોશીએ યુ.એન મહેતા ઈન્સ્ટીટ્યુટની શરૂઆતથી માંડીને હાલના વિકાસ અંગેનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

# જીએમડીસી ખાતે માર્ગ સલામતી અને ટ્રાફિક નિયમો અંગે જાગૃતિ સેમિનાર સેમિનાર યોજાયો

| અમદાવાદ, તા.૧૭ |

માર્ગ સલામતી માસ ૨૦૨૫ અંતર્ગત આરટીઓ અમદાવાદ દ્વારા જીએમડીસી ખાતે માર્ગ સલામતી જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં જીએમડીસીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આરટીઓ અધિકારીશ્રી દ્વારા માર્ગ અકસ્માતમાં ત્વરિત મદદ માટે કઈ બાબતો ધ્યાને રાખી શકાય તથા માર્ગ અકસ્માતમાં અન્યને કઈ રીતે મદદરૂપ થઈ શકાય તે અંગે વિવિધ વિગતો સાથે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. મોટર વાહન ઈન્સ્પેક્ટર શ્રી પી.એસ.ચાવડા દ્વારા અકસ્માત નિવારણ અને રોડ સેફ્ટી અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, માર્ગ સલામતી માસ ૨૦૨૫ અંતર્ગત આરટીઓ અમદાવાદ શ્રી જે. જે. પટેલના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેરમાં વધુને વધુ લોકોને માર્ગ સલામતી જાગૃત કરી શકાય તેવા ઉદેશથી આરટીઓ અમદાવાદ દ્વારા વિવિધ સેમિનારો અને કાર્યક્રમો દ્વારા માર્ગ સલામતી અને ટ્રાફિક નિયમો અંગે લોકજાગૃતિ ફેલાવવામાં આવી રહી છે.

આ સેમિનારમાં આરટીઓ વિભાગના અધિકારી સહિત GMDCના HR વિભાગના જનરલ મેનેજર શ્રી શૈલેષ દવ, GMDCના ફાયર એન્ડ ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી વિભાગના જનરલ મેનેજર શ્રી ચરણપ્રિત સિંઘ, GMDCના HR વિભાગના મેનેજર શ્રી ઋષિકેશ આચાર્ય અને આસિસ્ટન્ટ મેનેજર શ્રી ગોવિંદસિંહ સોઢા તથા વિવિધ વિભાગોના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગુજરાત
## જ્યાં વિચારો વૈશ્વિક સફળતામાં પરિણમે છે






### ઈકોસિસ્ટમ
**01**
- અવિરત વીજળી, ગૅસ અને પાણી પુરવઠો
- 200+ દેશો માટેનું પ્રવેશદ્વાર
- 230થી વધુ ઔદ્યોગિક વસાહતો અને 3 કાર્યરત SIRs
- 49 બંદરો, 4 આંતરરાષ્ટ્રીય સાથે 19 એરપોર્ટ્સ

### પ્રૉએક્ટિવ ગવર્નમેન્ટ
**02**
- 200+ મલ્ટિ-ડિપાર્ટમેન્ટલ મંજૂરી માટે સિંગલ વિન્ડો
- રોકાણકારોની સુવિધા માટે સમર્પિત સંસ્થા
- MSMEsને મંજૂરી માટે 3 વર્ષની મુક્તિ

### ક્ષેત્રીય આગેવાની
**03**
- કેમિકલ, ફાર્મા, ટેક્સટાઇલ્સ, સિરામિક્સ અને ઓટોમોટિવ જેવાં ક્ષેત્રોમાં રાષ્ટ્રીય સ્તરે અગ્રણી
- સેમિકન્ડક્ટર, ઇવી અને ફિનટેક જેવાં ઉભરતાં ક્ષેત્રો માટે વ્યૂહાત્મક ફ્રેમવર્ક
- કુશળ માનવબળની ઉપલબ્ધતા

### નીતિ આધારિત અભિગમ
**04**
- 20થી વધુ ક્ષેત્ર માટે વિશિષ્ટ નીતિઓ

### ફ્યૂચરિસ્ટિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર
**05**
- DREAM City, Dholera SIR, MBSIR અને PCPIR જેવાં મેગા પ્રૉજેક્ટ્સ સાથે અગ્રણી
- ભારતની પ્રથમ હાઇસ્પીડ રેલ પ્રૉજેક્ટ કાર્યરત
- GIFT City: વૈશ્વિક નાણાકીય સેવા માટે ભારતનું પ્રથમ સ્માર્ટ સિટી

### સસ્ટેનેબિલિટી
**06**
- વિશ્વનું ગ્રીન હાઇડ્રોજન કેપિટલ બનવા માટે સજ્જ
- પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપિત ક્ષમતામાં અગ્રેસર રાજ્ય
- પુનઃપ્રાપ્ય ઊર્જા પ્રૉજેક્ટ્સ માટે માન્ય NA જમીન

### ઇઝ ઑફ લિવિંગ
**07**
- ઇઝ ઑફ લિવિંગની યાદીના ટોપ-10માં 4 શહેરો સાથે સૌથી સુરક્ષિત રાજ્યોમાં એક
- વૈશ્વિક સ્તરની આરોગ્ય સુવિધાઓ
- વૈશ્વિક સ્તરની સ્પોર્ટ્સ તથા મનોરંજક સુવિધાઓ
- વ્યાપક અને ઉત્તમ રીતે જોડાયેલ જાહેર પરિવહનની સુવિધા

**ગુજરાતની અસીમિત સંભાવનાઓમાં સમગ્ર વિશ્વ કરી રહ્યું છે રોકાણ**